Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

દંસણમૂલો ધમ્મો

ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે.



# આત્મધર્મ

શ્રી વાદિરાજ મુનિરાજ ભૂતકાળના દુઃખને યાદ કરતાં કહે છે કેઃ–

"જનમ જનમકે દુઃખ સહે સબ તે તુમ જાનો,

યાદ કિયે મુઝ હિયે લગૈં આયુધસે માનોં." (એકીભાવસ્તોત્ર)

હે પ્રભુ! મેં અનાદિકાળથી આજ પર્યંત જનમ–જનમના જે દુઃખ સહ્યા છે તે આપ જાણો છો, એ દુઃખને યાદ કરતાં મારા હૈયે આયુધની જેમ ઘા વાગે છે. આહાહા! આનંદમાં ઝૂલતાં મહાસંત જ્યારે આમ કહે છે તો ચાર ગતિના એ દુઃખના વેદનનુ શું કહેવું? હે જીવ! જો આત્મકલ્યાણ માટે ઉદ્યમી નહીં થા તો માથે એ દુઃખ ઊભા જ છે.

[ પૂજ્ય ગુરુદેવશ્રી – રાત્રિચર્ચામાંથી ]




તંત્રી : પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર (૪૦૦)

વીર સં. ૨૫૦૩, મહા (લવાજમઃ છ રૂપિયા) વર્ષ ૩૪ : અંક ૪

# ❁ પ્રત્યેક આત્મા પરમાત્મા છે ❁

આ બધી ગાથાઓનું તાત્પર્ય શું?–કે બધા આત્માઓ પરમાત્મસ્વરૂપ છે માટે તારું સ્વરૂપ પરમાત્મસ્વરૂપ છે, ત્યાં દ્રષ્ટિ દે. દરેક આત્મા શુદ્ધ ને પરિપૂર્ણ પરમાત્મા છે, પર્યાયના જે ભેદો છે તે જાણવા, પણ લક્ષ તો ચિદાનંદ ભગવાન સ્વરૂપ નિજ પરમાત્મતત્ત્વનું જ કરવું–એ તાત્પર્ય છે.

વસ્તુ તો અખંડ આનંદમય છે પણ પર્યાયમાં જે ભેદ છે તે કર્મના સંગે થયા છે, પરિપૂર્ણ એવા સ્વના સંગે ભેદ નથી. બાહ્યની વિવિધતાનું લક્ષ છોડાવીને એકરૂપ વસ્તુ છે તેની દ્રષ્ટિ કરાવવા આ વાત કરી છે. પરિપૂર્ણ પરમાત્મતત્ત્વ વસ્તુ પોતે બિરાજમાન છે ત્યાં દ્રષ્ટિ દે અને પછી ત્યાં સ્થિર થા તો પર્યાયમાં પરમાત્મા પ્રગટ થશે–પર્યાયમાં પરમાત્માની પ્રાપ્તિનો આ ઉપાય છે.

પરદ્રવ્યના સંગે પર્યાયમાં જે ભેદ પાડયા તે વસ્તુમાં નથી, કેમ કે પરદ્રવ્ય વસ્તુમાં નથી તેની તેના સંગે જે પર્યાયમાં ભેદ પડયા તે પણ વસ્તુમાં નથી. જ્ઞાન–દર્શનથી પરિપૂર્ણ વસ્તુની દ્રષ્ટિ કરવી તે ઉપાય છે. પૂર્ણાનંદમાં દ્રષ્ટિ આપ તો પરિપૂર્ણ પરમાત્મા પ્રાપ્ત થશે. આ એક જ ઉપાય છે.

ભગવાન આત્મા સામાન્ય એકરૂપ અભેદમૂર્તિ છે અને જે પર્યાયના ભેદ છે તે પરદ્રવ્યના સંગે થયેલા છે, કર્મના સંગે થયેલા છે અને કર્મો જીવના નથી, કેમ કે કાળલબ્ધિ પામીને જીવ કર્મોથી જુદો થઈ જાય છે. વસ્તુ પરમાત્મા સ્વરૂપે છે, જેમાં વર્ણાદિના ભેદ તો નથી પણ પર્યાયના ભેદ પણ તેમાં નથી. છતાં ભેદ કેમ દેખાય છે?–કે પરદ્રવ્યના સંગે દેખાય છે અને તે સ્વદ્રવ્યના સંગે તોડી શકાય છે.

[ અનુસંધાન પાનું ૭ ]

વાર્ષિક
લવાજમ
છ રૂપિયા
વર્ષ ૩૪
અંક ૪




વીર સં.
૨૫૦૩
: મહા :
A. D. 1977
FEB.

# પૂર્ણાનંદનો નાથ પરમેશ્વર પ્રભુ પોતે છે

## એવી નિઃશંકતાને કારણે જ્ઞાનીને પરપદાર્થની કાંક્ષા હોતી નથી

નિજ ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ મુક્તસ્વરૂપ અતીન્દ્રિય આનંદમય છે–એવી જેને દ્રષ્ટિ થઈ છે એવા ચેતયિતાને–જ્ઞાનીને કર્મના સંબંધમાં છું, રાગના સંબંધમાં છું એવો સંદેહ હોતો નથી. જ્ઞાનીને ટંકોત્કીર્ણ જ્ઞાયકભાવમયપણાને લીધે રાગના સંબંધમાં છું, વિભાવના સંબંધમાં છું, કર્મના સંબંધમાં છું, શરીરાદિ નોકર્મના સંબંધમાં છું એવી શંકા હોતી નથી. ધ્રુવ સ્વભાવમાં સંદેહ કેવો ?

પૂર્ણાનંદની આવી નિઃશંકતામાં પુણ્ય કે પુણ્યફળની વાંછા હોતી નથી. નિજ સ્વરૂપની સંપદાની નિઃશંકતાને લીધે ધર્મી રાગાદિને આપદા જાણતો હોવાથી તેની વાંછા કેમ કરે ?–એ રીતે ધર્મીને શંકાકૃત કે વાંછાકૃત કર્મબંધ થતો નથી.

[ શ્રી સમયસાર ૫ર પૂજ્ય ગુરુદેવના પ્રવચનમાંથી, તા. ૨૫–૧–૭૭ ]

જ્ઞાનીને નિઃશંકિત આદિ ગુણો વર્તતા હોવાથી કર્મોદયને ભોગવવા છતાં તેને શંકાકૃતા બંધ થતો નથી તે વાત આચાર્યદેવ સમજાવતાં કહે છે કેઃ–

**જે કર્મબંધનમોહકર્તા પાદ ચારે છેદતો,**
**ચિન્મૂર્તિ તે શંકારહિત સમકિતદ્રષ્ટિ જાણવો. ૨૨૯.**

સત્ સત્ પરમસત્ એવા પૂર્ણ ભગવાનની જેને દ્રષ્ટિ થઈ છે એવા ચેતયિતા જ્ઞાનીને એકરૂપ જ્ઞાયકભાવમયપણાને લીધે, રાગને લીધે કે એક સમયની પર્યાયને લીધે નહીં પણ એક સ્વભાવી જ્ઞાયકભાવમયપણાને લીધે, કર્મબંધ સંબંધી શંકા કરનારા મિથ્યાત્વાદિ ભાવોનો અભાવ છે. બંધાયો છું એવો સંદેહ તે મિથ્યાત્વ છે. અબદ્ધસ્પૃષ્ટ છું, રાગથી બંધાયો નથી, કર્મથી બંધાયો નથી એવો હું 'રાગથી બંધાયેલો છું' એવો સંદેહ જ્ઞાનીને હોતો નથી. અબંધ સ્વભાવી ભગવાન આત્મા સંબંધથી બંધાય કેમ ? હું કર્મ સંબંધી બંધાયો છું એવો સંદેહ તે જ મિથ્યાત્વ છે. હું કર્મથી બંધાયેલો નથી, મારો સ્વભાવ જ અબંધસ્વરૂપ મુક્ત છે, એમ જ્ઞાની પોતાના અબંધ સ્વભાવને વિશે નિઃશંક હોય છે.

પૂર્ણાનંદનો નાથ શુદ્ધ ચૈતન્યઘન ભગવાન રાગ સાથે બંધાયેલો હતો એવી માન્યતા હતી તે માન્યતા છૂટી એટલે મોક્ષ થઈ ગયો. ખરેખર તો મને કર્મનો સંબંધ છે એ સંદેહ જ મિથ્યાત્વ છે. કર્મના સંબંધ વિનાનો અબદ્ધસ્પૃષ્ટ છું એવી દ્રષ્ટિમાં બંધનો સંદેહ હોતો નથી. વસ્તુ છે તે અબંધ છે, પર્યાયમાં રાગ ને નિમિત્તનો સંબંધ છે, વસ્તુ અબદ્ધ સ્વરૂપ છે, તેનો નિઃસંદેહ અનુભવ થતાં તેને બંધનો સંદેહ હોતો નથી.

ભગવાન આત્મા અનંતગુણરૂપ મુક્તસ્વરૂપ છે, તેને રાગનો ને કર્મનો સંબંધ એટલે શું? ભગવાન તો પૂર્ણાનંદપ્રભુ આનંદની શક્તિ ને સત્ત્વવાળુ તત્ત્વ છે. આનંદમયપણાને લીધે કર્મના સંબંધમાં છું એવો સંદેહ જ્ઞાનીને હોતો નથી. જ્ઞાયકમય આનંદમય ભગવાનને રાગના સંબંધમાં છું, વિભાવના સંબંધમાં છું, કર્મના સંબંધમાં છું એવી શંકા ધર્માત્માને હોતી નથી.

સર્વસ્વ અબદ્ધ સ્વરૂપ જ્ઞાયક ભગવાનને મિથ્યાત્વને લઈને સંદેહ પડે છે કે હું કર્મથી બંધાયેલો છું. જ્ઞાયકમય ધ્રુવમય એવા ભાવમાં રાગનો સંબંધ છે–કર્મનો સંબંધ છે એવા સંદેહનો જ્ઞાનીને અભાવ છે. ત્રિકાળી જ્ઞાયકસ્વભાવમાં વિભાવનો સંબંધ છે એવો જે મિથ્યા સંદેહ તેનો જ્ઞાનીને અભાવ હોય છે. વિપરીત માન્યતા તે કર્મબંધની

શંકા કરે છે, અવિપરીત માન્યતા તે અબંધપણાને સ્વીકારે છે. સ્વભાવમાં મિથ્યાત્વાદિ ચારેય ભાવનો અભાવ છે તેથી જ્ઞાનીને ચારેયનો અભાવ છે. પૂર્ણાનંદનો નાથ ભગવાન ધ્રુવ એ તો અબદ્ધસ્વરૂપી મુક્તસ્વરૂપી છે, તેને બંધનો સંદેહ કરવો તે મિથ્યાત્વભાવ છે. નિઃશંક ને નિર્ભય ધ્રુવ ચૈતન્ય છું, અબદ્ધસ્પૃષ્ટ છું એવું જ્યાં ભાન થયું ત્યાં બંધાયેલો છું એવો ભય કે સંદેહ તેનો જ્ઞાનીને અભાવ હોય છે.

એકલો જ્ઞાયકમયભાવ પૂર્ણ વસ્તુ તેનો સ્વામી થયેલા આત્માને કર્મબંધ સંબંધી શંકા કરનારા મિથ્યાત્વાદિ ચારેય ભાવનો અભાવ છે. પ્રશ્નઃ અત્યારે સિદ્ધદશા તો જ્ઞાનીને છે નહીં તો મિથ્યાત્વાદિ ચારેય ભાવનો અભાવ કેમ કહ્યો? સમાધાનઃ અત્યારે સિદ્ધદશા છે, મુક્ત છે, કેમ કે દ્રષ્ટિમાં જ્ઞાનમય મુક્ત જ જણાયો છે. પર્યાયમાં મુક્તપણું જણાયું છે. મુક્ત છે તેનો આશ્રય કર્યો છે તેથી દ્રષ્ટિમાં મુક્તપણું જ આવ્યું છે, બંધપણું આવ્યું જ નથી.

નિત્યાનંદપ્રભુ, શુદ્ધદ્રવ્ય, જ્ઞાયકપ્રભુ, ધ્રુવસ્વરૂપ ભગવાન આત્મા છું એવો દ્રષ્ટિમાં જેને સત્યનો સ્વીકાર થયો છે અને હવે રાગ કે કર્મના સંબંધમાં છું એવો સંદેહ કરનારા જે મિથ્યાત્વાદિ ભાવો તેનો અભાવ છે. મિથ્યાત્વાદિ ચાર ભાવોની હૈયાતી તો સ્વીકારી પણ અનંત અનંતગુણનું એકરૂપ સ્વરૂપ એવા પરમ સત્‌ની સત્યદ્રષ્ટિ થઈ તેને મિથ્યાત્વાદિ ચાર ભાવોનો અભાવ છે. જ્ઞાનીને મિથ્યાત્વાદિ ચાર ભાવોનો અભાવ હોવાથી, કર્મથી બંધાયેલો છું એવી શંકાના અભાવને લીધે જ્ઞાનીને શંકાકૃત કર્મબંધ નથી, નિર્જરા જ છે.

સમ્યગ્દ્રષ્ટિ નિઃશંકિત કેમ છે ને બંધન કેમ નથી?–કે જ્ઞાયકમય પૂર્ણ સ્વભાવભાવપણાને લીધે કર્મના સંબંધમાં છું એવા સંદેહરૂપી જે મિથ્યાત્વભાવ તેનો તેને અભાવ છે, અબંધ સ્વભાવમાં બંધના ભાવને છેદી નાંખે છે. પરિપૂર્ણ જ્ઞાયકભાવ નિત્યાનંદ ધ્રુવ, એની જેને સમ્યગ્દ્રષ્ટિ થઈ છે તેને કર્મથી બંધાયેલો છું એવો જે સંદેહ, તેના કારણરૂપ મિથ્યાત્વ ભાવનો જ્ઞાનીને અભાવ હોવાથી નિઃશંકિત છે. પૂર્ણસત્‌ની દ્રષ્ટિ સત્ય થઈ છે એવા સત્યદ્રષ્ટિવંતને, કર્મના સંબંધવાળો છું એવો સંદેહ કે જે મિથ્યાત્વભાવને લઈને થતો હતો, તે ભાવનો અભાવ છે માટે જ્ઞાની નિઃશંકિત છે.

કર્મનો બંધ મને છે એવો જે સંદેહ તે મિથ્યાત્વને લઈને છે. રાગનો સંબંધ ને કર્મનો સંબંધ મને છે એ મિથ્યાત્વનો ભાવ છે, તો શરીર–સ્ત્રી–પુત્ર–પૈસા આદિ નોકર્મનો સંબંધ મને છે એ તો મિથ્યાત્વભાવ જ છે. ભગવાન અસંગ તત્ત્વ છે, તેને કર્મનો સંગ, નોકર્મનો સંગ છે એવો જે મિથ્યાત્વભાવ તેનાથી ધર્મી રહિત છે. ભગવાન તું

અસંગતત્ત્વ છે ને! એને કર્મનો સંબંધ માનવો!–આહાહા! તે જ મિથ્યાત્વ છે, તો પછી આ શરીર–સ્ત્રી–પુત્ર–પરિવાર–પૈસા–ધંધો આદિનો સંગ માનવો એ તો મિથ્યાત્વ જ હોય ને! દીકરાને ને બાપને, પતિને ને પત્નીને, પૈસાને ને આત્માને સંબંધ છે જ નહીં, સંબંધ માનવો તે મિથ્યાત્વભાવ છે. તું તો એક જ્ઞાયકભાવ જ્ઞસ્વભાવી છો, તને પર સાથે સંબંધવાળો માનવો એ તો ક્યાં રહ્યું?–પરને જાણવું એ પણ વ્યવહારે જ્ઞેયસંબંધ છે.

પર્યાયનો ને રાગનો ને અપૂર્ણતાનો સ્વીકાર હતો ત્યાં સુધી સાચું પૂર્ણ તત્ત્વ તેની દ્રષ્ટિમાં આવ્યું ન હતું, તેથી દ્રષ્ટિ મિથ્યા હતી. એક સમયની પર્યાય ઉપર, રાગ ઉપર દ્રષ્ટિ હતી ત્યાં સુધી અપૂર્ણદ્રષ્ટિ હતી, પણ જ્યારે સ્વભાવનું સત્‌પણું પરિપૂર્ણપણું છે એમ સત્‌ની દ્રષ્ટિ થઈ ત્યારે હું કર્મથી બંધાઉં છું એવી સંદેહદ્રષ્ટિનો અભાવ વર્તતો હોવાથી જ્ઞાનીને સંદેહ ઉત્પન્ન થતો નથી, તેથી તે બંધાતો નથી.

વસ્તુ પૂર્ણ સત્‌ છે, અનંતગુણોનું પૂર્ણપણું તે સત્‌ છે. એવા શાશ્વત સત્‌ની સત્યદ્રષ્ટિ થવી તે અપૂર્વ વાત છે. શાશ્વત સત્‌ની સન્મુખ થતાં તેવી દ્રષ્ટિ થાય છે, તેથી તે સત્યદ્રષ્ટિવંત જ્ઞાનીને ‘હું કર્મથી બંધાવાવાળો છું’ એવા સંદેહનું કારણ જે મિથ્યાત્વાદિ તેનો અભાવ હોવાથી તે નિઃશંક છે. નિઃસંદેહમાં વર્તતા થકા જ્ઞાનીને પૂર્વના કર્મનો ઉદય હોય તે ખરી જાય છે.

સ્વરૂપનો સ્વામી છે તેને ઉદયના સ્વામીત્વનો અભાવ છે. રાગાદિ થાય તેને રચનારો થતો નથી પણ તેનો જાણનારો થાય છે. માટે ભયપ્રકૃતિનો ઉદય આવવા છતાં ધ્રુવ આનંદનું સ્વરૂપ છે તેનાથી તે ચ્યુત થતો નથી. તેથી જ્ઞાનીને શંકાકૃતબંધ થતો નથી, પૂર્વ કર્મનો ઉદય દેખાવ આપીને ખરી જાય છે.

એ રીતે, આત્મા પૂર્ણાનંદનો નાથ પરમેશ્વર પ્રભુ પોતે છે એમ ધર્મી પોતાની પરિપૂર્ણતાની પ્રતીતિમાં નિઃશંક વર્તતો હોવાથી તે નિઃશંક છે તેમ કહીને હવેની ગાથામાં કહે છે કે ધર્મીને પરિપૂર્ણ તત્ત્વનો ભેટો થયો હોવાથી અન્ય સમસ્ત પદાર્થની વાંછા રહિત હોવાથી ધર્મી અવાંછક છે.

**જે કર્મફળ ને સર્વ ધર્મ તણી ન કાંક્ષા રાખતો,**
**ચિન્મૂર્તિ તે કાંક્ષારહિત સમકિતદ્રષ્ટિ જાણવો. ૨૩૦.**

હું તો એક જ્ઞાયકભાવમય છું એમ જેની દ્રષ્ટિમાં છે એવા જ્ઞાનીને જ્ઞાયકભાવમયપણાને લીધે પુણ્ય અને તેના ફળની વાંછા હોતી નથી. જેને આત્મા આનંદસ્વરૂપ

પ્રાપ્ત થયો–અંતર દૃષ્ટિમાં પ્રાપ્ત થયો તેને વર્તમાન પુણ્યભાવની અને તેના ફળની વાંછા હોતી નથી તેમજ સોનુ, ચાંદી કે પ્રશંસા આદિ સમસ્ત વસ્તુધર્મોની વાંછાનો તેને અભાવ હોય છે.

જાણનાર એક જ્ઞાયક વસ્તુ દૃષ્ટિમાં આવ્યો તેને પુણ્યભાવની પણ વાંછા નથી ને પુણ્યફળની પણ વાંછા નથી. ૧૪૮ કર્મપ્રકૃત્તિમાંથી કોઈ પણ કર્મફળની તેને વાંછા નથી. અરે! તીર્થંકરપ્રવૃત્તિની પણ વાંછા નથી, જ્યાં પોતાના નિજ સ્વરૂપની પ્રાપ્તિ થઈ ત્યાં પર સ્વરૂપની વાંછા કેમ હોય ?

જ્ઞાનનો ખજાનો જેણે દેખ્યો ત્યાં નિજ ખજાને ખોટ–તૂટો ક્યાં છે કે પરદ્રવ્યની વાંછા કરે ? ભરોસે ભગવાન આવ્યા છે તેને અન્ય પદાર્થની વાંછા કેમ રહે ? નિંદા હો કે પ્રશંસા હો, સોનુ હો કે પથ્થર હો, ધર્મીને તેની વાંછા હોતી નથી. જ્ઞાયકસ્વરૂપ ભગવાનની ભાવના છોડીને જે પર પદાર્થની વાંછા કરે છે તે મોહી છે. જ્ઞાનીને પર પદાર્થની ભાવના હોતી નથી. સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિની જાત જ જુદી હોય છે. શક્તિએ, સ્વભાવે, સામર્થ્યે પોતે પ્રભુ છે તેને પર્યાયમાં સ્થાપવો, પર્યાયમાં પ્રભુતા લાવવી તે સમ્યગ્દૃષ્ટિ છે અને પર્યાયમાં પામરતા સ્થાપવી, રાગ સ્થાપવો તે મિથ્યાદૃષ્ટિ છે. દયા–દાન–પૂજા–વ્રત–ભક્તિ આદિ શુભભાવમાં ધર્મી જ્ઞાતા છે, ધર્મીને તેની ભાવના –વાંછા હોતી નથી.

જ્યાં જ્ઞાયકસ્વભાવ પૂર્ણાનંદ સ્વરૂપનું સ્વાગત થયું તેને પરની વાંછા કેમ રહે ? પૂર્ણાનંદના નાથનો સ્વીકાર ને સ્વાગત થયું ત્યાં પરની વાંછા હોતી નથી. ભગવાન શ્રી સીમંધરસ્વામી મહાવિદેહમાં બિરાજે છે ત્યાં શ્રી કુંદકુંદાચાર્ય સાક્ષાત્ ગયા હતા, આઠ દિન રહ્યા હતા ને ત્યાંથી આ સંદેશો લાવ્યા છે. જ્યાં સુધી રાગને–પુણ્યને ધર્મ માને છે ત્યાં સુધી તે જૈન નથી. વીતરાગ સ્વભાવ જ્ઞાયકસ્વભાવ એવા પૂર્ણાનંદ સ્વભાવની જેને દૃષ્ટિ થઈ તે જૈન છે.

**પ્રશ્નઃ-** ધર્મીને ઇચ્છા થતી દેખાય છે ને ?

**સમાધાનઃ-** ચારિત્રમોહનો રાગ આવે છે તેથી તેનો ઈલાજ કરે છે પણ તેનો કર્તા થતો નથી. ચારિત્રમોહનો ઉદય આવતાં ઇચ્છા થાય છે પણ તે ઇચ્છાનો કર્તા જ્ઞાની થતો નથી. ઇચ્છા તે વિભાવ છે, વિભાવ તે દુઃખ છે, ધર્મી તો અતીન્દ્રિય આનંદના સુખનો સ્વાદ લેનારો છે તેથી તે દુઃખનો કર્તા કેમ હોય ? ધર્મીને મહાવ્રતાદિ આવે છે, ચારિત્રમોહને વશ પોતાની કમજોરીથી રાગ આવે છે પણ ધર્મી તે રાગનો કર્તા થતો નથી, કર્મનો ઉદય જાણી જ્ઞાતા જ રહે છે. તેથી ધર્મીને વાંછાકૃત કર્મબંધ થતો નથી.

નિઃશંકના બોલમાં પોતાના જ્ઞાતાદ્રષ્ટા સ્વરૂપની અસ્તિની નિઃશંકતા કહીને ત્યાં અસ્તિની વાત કહી, અહીં નાસ્તિથી કહ્યું કે વાંછા હોતી નથી. પોતાના જ્ઞાતાદ્રષ્ટા સ્વરૂપની ભાવનામાં પુણ્ય કે પુણ્યના ફળની વાંછા હોતી નથી. ધર્મીની દ્રષ્ટિમાંઃ–

**ચક્રવર્તીકી સંપદા ઇન્દ્ર સરીખે ભોગ,**
**કાગ વીઠ સમ જાનત હૈ, સમ્યગ્દ્રષ્ટિ લોક.**

ધર્મી પોતાની નિજ સંપદા આગળ રાગાદિને આપદા જાણે છે, ઇન્દ્રના ભોગને આપદા જાણે છે, જેને આપદારૂપ જાણે તેની વાંછા ધર્મીને કેમ હોય? ધર્મી વાંછાનો કર્તા સ્વયં થતો નથી, ઇચ્છા થઈ જાય પણ ધર્મી તેનો કર્તા થતો નથી. ચોથે ગુણસ્થાનવાળો ધર્મી તેનો કર્તા થતો નથી. પૂર્ણાનંદનો નાથ ચૈતન્યનો નિધાન જ્ઞાયકપ્રભુ આત્મા જેને મળી ગયો તેને અન્યની ઇચ્છા કેમ રહે?

ધર્મી તેને કહીયે કે જેને વાંછા થવા છતાં વાંછાનો કર્તા નથી થતો. ધર્મીને જરા રાગ થાય છે પણ તેને કર્મોદય સમજીને તેનો જ્ઞાતા જ રહે છે.

પહેલાં બોલમાં એમ કહ્યું કે આત્મા પૂર્ણાનંદનો નાથ પરમેશ્વર પ્રભુ પોતે છે એવી નિઃશંકતા ધર્મીને હોય છે. હું અપૂર્ણ છું એવો સંદેહ ધર્મીને હોતો નથી. સંદેહ તો મિથ્યાત્વાદિ ચાર ભાવથી હોય છે, જ્ઞાની તે ચાર કારણોનો છેદનારો હોવાથી જ્ઞાનીને સંદેહ હોતો નથી તેથી જ્ઞાની નિઃસંદેહ હોય છે. બીજા બોલમાં એમ કહ્યું કે પોતાની પરિપૂર્ણતાની ભાવનામાં પર પદાર્થની કાંક્ષાનો અભાવ હોવાથી ધર્મી બધાય કર્મફળો પ્રત્યે તથા વસ્તુધર્મો પ્રત્યે નિષ્કાંક્ષ હોય છે.

અહો! આચાર્યદેવે અમૃત રેડયા છે, આ તો ભગવાનની વાણીરૂપી અમૃત પીરસાય છે, તેનું પાન કરતાં અમૃત–મરણ રહિત અમર થવાય છે. કોઈ રાજાને એક કલાકની બે કરોડ રૂપિયાની પેદાશ થાય છે એવું સાંભળીને અજ્ઞાનીને ગલગલિયાં થઈ જાય છે કે અમને પણ આવી કમાણી હોય તો સારું, પણ તેવી ભાવના કરીને ઉલ્ટું તે પાપ બાંધે છે. શ્રી પદ્મપ્રભમલધારીદેવ તો કહે છે કે હે ભાઈ! તારે ભોગ–સામગ્રી જોઈતી હોય તો તે જિનનાથના પાદપદ્મની ભક્તિથી આપોઆપ આવી મળશે. તેમ બહુમાન ને ભક્તિથી એક કલાક આ ભગવાનની વાણી સાંભળતાં જે પુણ્ય બંધાય છે તેના એક–એક કલાકના ફળમાં અનેક કરોડોની સામગ્રી આપોઆપ આવી મળે અને અંતરલક્ષ કરતાં આત્મસિદ્ધિ પ્રગટે એવી આ ચીજ છે.

**[ પ્રત્યેક આત્મા પરમાત્મા છે............... ટાઈટલ બેથી ચાલુ ]**

વસ્તુ પરિપૂર્ણ છે ત્યાં દ્રષ્ટિ કરવાથી ધર્મ થાય છે, પર્યાયની અપેક્ષાએ અપ્રગટ પણ વસ્તુ અપેક્ષાએ પ્રગટ પરમાત્મા પોતે છે. અતીન્દ્રિય આનંદ આદિથી ભરેલો ભગવાન પરિપૂર્ણપણે બિરાજમાન છે. બધા જીવો પરિપૂર્ણપણે સરખા છે અને પોતાનામાં પણ પર્યાયના જે ભેદ છે તે કર્મના સંગે છે એમ કહીને સ્વની દ્રષ્ટિ કરાવી છે.

અતીન્દ્રિય આનંદનો સમુદ્ર, અતીન્દ્રિય જ્ઞાનનો સમુદ્ર એમ જે જે ગુણથી લ્યો તે તે ગુણનો સમુદ્ર એવો તું છે અને બધા આત્માઓ પણ તેવા છે. તારી પર્યાયમાં જે ભેદ દેખાય છે તે કર્મના સંગે છે તે તારા નથી અને સ્વના સંગે તે છૂટી જાય છે. તું પરિપૂર્ણ જ્ઞાયકથી ભરેલી ચીજ છો. એવી તારી સત્તા છે, તેનો આશ્રય લેવાથી બધા ભેદ છૂટી જાય છે.

તું પરિપુર્ણ છો તેની દ્રષ્ટિ કર. હું પરિપુર્ણ છું એવી જે દ્રષ્ટિ કરે તેને કાળલબ્ધિ પણ પાકી ગઈ. અહીં તો કહે છે કે સ્વભાવની દ્રષ્ટિ કરતાં સ્વભાવમાં જે અભિન્ન છે તે રહી જશે ને જે ભિન્ન છે તે ભિન્ન થઈ જશે. જે ભેદ છે તે તારી ચીજ નથી, કર્મના સંગે ઉત્પન્ન થયેલો ભેદ તારા શુદ્ધાત્મામાં નથી.

ચૈતન્ય ચિંતામણી રત્ન ભગવાન આત્માથી કર્મો જુદા છે ને ભગવાન શુદ્ધાત્મા ભેદ–કલ્પનાથી રહિત છે. જેમ કર્મ ભિન્ન છે તેમ ભેદ–વિકલ્પ છે તે ભિન્ન છે. શુભાશુભ કર્મ છે તે જીવનું સ્વરૂપ નથી. જીવનું સ્વરૂપ તો એકલું જાણવું ને દેખવું છે. નિમિત્ત તેનામાં નથી ને નિમિત્તના આશ્રયે ભેદ છે તે પણ જીવમાં નથી. સંસારી ને સિદ્ધ એ નિમિત્તભેદે ભેદ છે, વસ્તુમાં એવા ભેદ નથી. જાણવું ને દેખવું તે જ જીવનું સ્વરૂપ છે, તેને અનાદિથી ભૂલીને શુભાશુભભાવથી કર્મોને બાંધે છે.

ભગવાન એકવાર સાંભળ ! તું આ સ્ત્રી–પુરુષ આદિ બધા ભેદો ભૂલી જા ને અનાદિથી જેને ભૂલી ગયો છે એવા જ્ઞાન–દર્શન સ્વરૂપની દ્રષ્ટિ કર. અનાદિથી તું તને ભૂલી ગયો હોવાથી રાગાદિ અશુદ્ધ ઉપયોગથી કર્મને બાંધે છે. તેથી અશુદ્ધોપયોગ અનાદિનો છે, તેનું નિમિત્ત કર્મ અનાદિનું છે અને જેને અનાદિથી ભૂલી ગયો છે એવી ત્રિકાળી એકરૂપ વસ્તુ પણ અનાદિની છે. ભાઈ ! આ મનુષ્યપણું મળ્યું છે, ભવના અભાવના આ ટાણા આવ્યા છે, દુનિયાના માન ને આબરૂમાં આ ભવ હાલ્યો જાય એ તમે કેમ પોષાય છે ? જાગ રે જાગ બાપુ, હવે તો જાગ !

શુદ્ધ જ્ઞાનદર્શન સ્વભાવ અનાદિનો છે, અશુદ્ધોપયોગ અનાદિનો છે ને કર્મનું બંધન પણ અનાદિનું છે. કોઈ જીવ સ્વભાવની સન્મુખ થતાં જે વીતરાગી પરમાત્માની અનુભૂતિ થાય તે સમ્યગ્દર્શન છે અને ઉત્પતિનો કાળ તે સહકારી કારણ છે. આત્મા વીતરાગી પરમાત્મા જ છે, તેનો અનુભવ થવો તે વીતરાગી અનુભૂતિ છે. વીતરાગી પરમાત્માના આશ્રયે અનુભૂતિ થાય ત્યારે કાળને સહકારી નિમિત્ત કહેવાય છે, ત્યારે કર્મોથી જીવ છૂટી જાય છે. કર્મોથી છૂટવાનો આ એક જ ઉપાય છે. માટે નિમિત્તનો, રાગનો ને અલ્પજ્ઞતાનો આશ્રય છોડવો–એમ કહેવું તે નાસ્તિનું કથન છે, સ્વરૂપની દ્રષ્ટિ કરતાં કર્મો છૂટી જાય છે.

જેટલા કર્મજનિત ભેદો છે તે જીવસ્વરૂપ નથી. દરેક જીવનું સ્વરૂપ પૂર્ણાનંદ ને દ્રવ્યસ્વરૂપે વીતરાગી છે. દરેક જીવ પૂર્ણાનંદ અનાકુળ આનંદનો પિંડ છે–એમ જેણે પોતાનો સ્વભાવ શુદ્ધ અખંડ અભેદ છે તેમ જાણ્યું તેને પોતાની પર્યાયના ભેદ જાણવા લાયક રહ્યા, આદરવા લાયક ન રહ્યા, જ્ઞેયભેદ જાણવા લાયક રહ્યા, આદરવા લાયક ન રહ્યા.

વસ્તુ પરમાત્મસ્વરૂપ છે. આત્મા પોતે જ પરમાત્મસ્વરૂપ છે. પોતે જ પરમાત્મપણે બિરાજમાન છે. એવા વીતરાગી પરમાત્માનો–છે તેનો આદર કર્યો, સ્વીકાર કર્યો ને આશ્રય કર્યો ત્યારે અનુભૂતિ થાય છે. તે એક જ કર્મથી છૂટવાનો ઉપાય છે. માટે હે જીવ ! ટંકોત્કીર્ણ જ્ઞાયક એક શુદ્ધ સ્વભાવનો સ્વીકાર કર, એ જ કર્તવ્ય છે.

**( પરમાત્મપ્રકાશકના પૂ. ગુરુદેવના પ્રવચનમાંથી )**

**[ આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલિ, ગતાંકથી ચાલુ ]**

| | | |
|---|---|---|
| ૩૬૭ | શ્રીમતી કાંતાબેન તલકચંદ | મુંબઈ |
| ૩૬૮ | શ્રી રમેશચંદ્ર હરિલાલ | પાલનપુર |
| ૩૬૯ | શ્રી પ્રેમચંદ કેશવજી શાહ | નાઈરોબી |
| ૩૭૦ | શ્રી અશોકકુમાર રવિચંદ | અમદાવાદ |
| ૩૭૧ | શ્રી બી. કે. શાહ | દારેશલમ |

( આજીવન સભ્ય ફી રૂા. ૧૦૧–૦૦ )

[ ક્રમશઃ ]

## ❀ પરમાત્મપ્રકાશકના વૈરાગ્ય પ્રેરક પ્રવચનોની પ્રસાદી ❀

* જગતના દુઃખી પ્રાણીઓને દુઃખથી મુક્ત થવા સંતો કરુણા ભાવે કહે છે કે રે મૂઢ જીવ! શરીરમાં તાવ આવે તોપણ તારાથી સહન થતું નથી તો અનંતા દુઃખો ભોગવવા પડે તેવા કર્મો કેમ બાંધે છો? જો તું થોડા દુઃખ ભોગવવા પણ સમર્થ નથી તો પછી ચાર ગતિના ઘોર દુઃખના કારણ એવા કર્મો કેમ બાંધે છો? ચારે ગતિને દુઃખનું કારણ કહ્યું, સ્વર્ગને પણ દુઃખનું કારણ કહ્યું એટલે કે શુભભાવનું ફળ દુઃખનું કારણ કહ્યું. તેથી શુભભાવ પણ દુઃખનું કારણ છે. માટે હે જીવ! તું દુઃખના કારણ એવા શુભાશુભ ભાવોને કેમ કરે છો?

શુદ્ધ ચિદાનંદ આત્મા ધ્રુવસ્વરૂપ પરમાત્મા છે, તેની સન્મુખતાથી ઉત્પન્ન થયેલ સુખ તાત્ત્વિક સુખ છે. તેનાથી વિપરીત પુણ્ય–પાપના વિકારથી રહિત પરમાત્મસ્વરૂપની એકાગ્રતાથી તાત્ત્વિક સુખ ઉત્પન્ન થાય છે. વિષય સંબંધીના સુખ તો દુઃખ છે, ઇન્દ્ર ને ચક્રવર્તીના ભોગ તો કાલ્પનિક સુખ એટલે કે દુઃખ છે. પરમાત્માની એકાગ્રતાથી રહિત સ્વર્ગના સુખ તે કાલ્પનિક સુખ છે, તાત્ત્વિક એટલે કે વાસ્તવિક સુખ નથી. તાત્ત્વિક સુખ કેમ ઉત્પન્ન થાય?–કે નિત્યાનંદ નિજ પરમાત્માની એકાગ્રતાથી અતીન્દ્રિય વીતરાગી આનંદની પ્રાપ્તિ થાય છે.

ભાઈ! તને ખબર નથી કે તારું અસલી રૂપ શું છે? ને નકલી શું છે? પુણ્ય–પાપના વિકલ્પો તે નકલી સ્વરૂપ છે અને નિત્યાનંદ પરમાત્મસ્વરૂપ તે તારું અસલી સ્વરૂપ છે. ભગવાન અતીન્દ્રિય આનંદ સ્વરૂપ બિરાજમાન છે તેની એકાગ્રતાથી રહિત જે પુણ્ય–પાપના ભાવ તે ચાર ગતિનાં દુઃખનું કારણ છે. જો તારાથી થોડા દુઃખ પણ સહન થતા નથી તો અનંત દુઃખના કારણને તું કેમ કરે છો? માટે દુઃખના કારણ એવા શુભાશુભ ભાવને છોડી દે, કેમ કે તેનાથી કર્મ બંધાય છે ને કર્મથી ગતિ મળે છે. શુભાશુભભાવ વિકલ્પજાળ છે. તેને છોડી દે ને એક નિજ શુદ્ધાત્માની ભાવના કર, તે તાત્પર્ય છે. તે એક જ કર્તવ્ય છે અને આ દુર્લભ મનુષ્ય ભવ પામીને આ એક જ કરી લેવા જેવું છે.

* જગતના ધંધામાં પડેલા જગતના પ્રાણીઓ અજ્ઞાનવશ આઠ કર્મોને બાંધે છે, પણ અતીન્દ્રિય આનંદરૂપ મોક્ષનું કારણ એવા નિજ શુદ્ધાત્માનું ક્ષણમાત્ર પણ જગતના જીવો ચિંતવન કરતા નથી. બહુ તો દેવ–દર્શન કે પૂજા–ભક્તિ–યાત્રા કરી લ્યે છે પણ એ તો શુભભાવ છે, ધર્મ નથી, મોક્ષનું કારણ નથી. મોક્ષનું કારણ નિજ શુદ્ધાત્મા

છે પરંતુ ક્ષણમાત્ર પણ જગતના જીવો તેનું ચિંતવન કરતા નથી.

જગતના જીવો સવારથી સાંજ સુધી આ મારી સ્ત્રી, આ મારો પુત્ર, આ મારા પૈસા–આદિમાં રચ્યો રહે છે પણ ક્ષણમાત્ર પણ પોતાના આત્માને ચિંતવતો નથી. એ રીતે જગતના જીવો શુદ્ધાત્માની ભાવનાથી વિમુખ હોવાથી શુભાશુભ ભાવો કરતા થકા કર્મો બાંધે છે. અનંત જ્ઞાન, અનંત આનંદ એવો જે મોક્ષ તેનું કારણ જે નિજ શુદ્ધાત્મા તેનું એક પળ પણ સ્મરણ કરતા નથી.

ભગવાન ! એક ક્ષણ તને તારો વિચાર નથી ! તું એક ક્ષણમાત્ર પણ તારું સ્મરણ કરતો નથી ને ધંધાદિમાં કાળ ગુમાવી રહ્યો છે. મહા દુર્લભ એવો આ માનવ ભવ મળ્યો છે છતાં જો અત્યારે આર્ત અને રૌદ્ર ધ્યાનમાં લીન રહ્યો થકો તારા આત્માની દરકાર કરતો નથી તો કયા ભવે તારા આત્માને સંસાર સમુદ્રમાંથી ઉગારીશ ? અનંત ભવ ટાળવા માટેનો આ ભવ છે, ભવના અભાવ માટેનો આ ભવ છે–એમ જાણીને હે જીવ ! તું તારા આત્માનું ચિંતવન કર.

* જ્યાં સુધી સર્વથી શ્રેષ્ઠ અને રાગથી ભિન્ન પડેલું આત્મજ્ઞાન નથી ત્યાં સુધી અજ્ઞાની જે પોતાના નથી ને પોતાનામાં આવતા નથી એવા સ્ત્રી–પુત્ર–પૈસા આદિ પરચીજમાં મોહ કરતો થકો ૮૪ લાખ યોનિમાં રખડતો થકો અપાર દુઃખ સહન કરે છે. આ મારી પુત્રી છે, એલ. એલ. બી. માં ફર્સ્ટ કલાસ પાસ થઈ, આ મારો પુત્ર છે, પરદેશ જઈને આવ્યો છે–એમ જે પોતાના નથી એવા પર પદાર્થમાં મોહિત થઈને આખો દિવસ આર્ત–રૌદ્ર ધ્યાનમાં રત રહે છે અને અનેક દુઃખ સહન કરતો ચાર ગતિમાં રખડે છે.

એકેન્દ્રિયથી માંડીને જીવને ઉત્પત્તિ થવાના સ્થાન ૮૪ લાખ યોનિસ્થાન છે. તે દરેક યોનિમાં જીવ અનેક પ્રકારના દુઃખ સહન કરતો રખડે છે. ૮૪ લાખ યોનિમાં શેઠ, રાજા ને દેવ પણ આવી ગયા, ત્યાં પણ અનેક પ્રકારનાં દુઃખ સહન કરતો આવ્યો છે, કેમ કે આકુળતા તે જ દુઃખ છે.

ભાઈ ! તારી રુચિ ક્યાં લાગી છે ? સ્વભાવમાં તારી રુચિ લાગી છે કે પરમાં તારી રુચિ લાગી છે તેનો તો નિર્ણય કર ! ભગવાન સહજાનંદ નિજ પરમાત્માના ધ્યાનથી ઉત્પન્ન થનારું નિરાકુળ અતીન્દ્રિય સુખ, તેનાથી વિપરીત શરીર તથા મનના અનેક પ્રકારના દુઃખ સહન કરતો આવ્યો છે. અહીં તો કહે છે કે દેહસંબંધી માતા–પિતા–પુત્ર આદિનો મોહ નિજ પરમાત્માની ભાવનાનો શત્રુ છે. જ્યાં સુધી માતા–પિતા–પુત્ર આદિનો મોહ છે ત્યાં સુધી અજ્ઞાની છે, માટે એ મોહને છોડ ને નિજ

પરમાત્માની ભાવના કર. લૌકિકમાં પણ કહે છે કે –

સહજાનંદી રે આત્મા, સૂતો કાંઈ નિશ્ચિંત રે!
મોહ તણા રણીયા ભમે, જાગ જાગ રે મતિવંત રે,
લૂંટે જગતના જંત રે, નાખી વાંક અનંત રે,
વિરલા કોઈ ઉગરંત રે...

જ્યાં સુધી 'આ મારા માતા આ મારા પિતા' આદિ મોહ છે ત્યાં સુધી અજ્ઞાની છે, મોક્ષનું કારણ એવા વીતરાગી નિર્વિકલ્પ જ્ઞાન વિના તેને મોક્ષની સિદ્ધિ થતી નથી. માટે નિરંતર જ્ઞાનની ભાવના કરવી, તે એક જ કર્તવ્ય છે.

* હે જીવ! તું ઘર–પરિવારને તથા શરીર–મિત્રાદિને પોતાના નહીં જાણ, કેમ કે તેઓ કર્માધીન છે તથા વિનાશીક છે. નિજ પરમાત્માથી ભિન્ન જે કર્મ તેના ઉદયથી ઘર–પરિવાર–પૈસા આદિ બાહ્ય સામગ્રી આવી મળે છે તેથી તે કર્માધીન છે, તારે આધીન નથી. વળી તે નાશવાન હોવાથી શુદ્ધાત્માથી વિપરીત છે, કેમ કે શુદ્ધાત્મા કોઈથી નહીં બનાવાયેલી એવી અકૃત્રિમ અનાદિસિદ્ધ ટંકોત્કીર્ણ અમૂર્તીકમૂર્તિ છે.

શરીર–પુત્ર–ધન–પરિવાર આદિ તારે આધીન નથી, કર્માધીન છે, તે તારામાં નથી ને તું તેમાં નથી તો તને આ વળગાડ શેનો વળગ્યો છે? માટે સ્ત્રી–પુત્ર આદિ પરદ્રવ્યોને અનિત્ય જાણીને તારા નિત્યાનંદ પ્રભુમાં ઠરીને પરદ્રવ્યોનું મમત્વ છોડ. જે ચીજનો તારામાં અભાવ છે ને જે ચીજમાં તારો અભાવ છે એવા પરદ્રવ્યોની તું મમતા કેમ કરો છો? પરદ્રવ્યોનું મમત્વ છોડીને તારા સ્વરૂપમાં શીઘ્ર વસ.

* હે જીવ! ઘર–પરિવારની ચિંતા કરવાથી તને ક્યારેય મોક્ષની પ્રાપ્તિ થશે નહીં, પરદ્રવ્યની ચિંતા દુઃખરૂપ છે, દુઃખનું કારણ છે, તેનાથી સુખની પ્રાપ્તિ કેમ થાય? માટે પરદ્રવ્યની મમતા રહિત અને સ્વદ્રવ્યની સમતા સહિત એટલે કે વીતરાગી ચારિત્ર સહિત એવું ઉત્તમ તપ કર કે જેનાથી તને મહા આનંદરૂપ મોક્ષની પ્રાપ્તિ થશે.

ઘર–પરિવારની ચિંતા કરી કરીને તું ભવવનમાં ભ્રમણ કરતો આવ્યો છે માટે હવે પરદ્રવ્યની ઇચ્છાને રોકીને પરમાનંદરૂપ પરમાત્મસ્વરૂપમાં ધ્યાન લગાવીને પરદ્રવ્યનું મમત્વ છોડ. વીતરાગ પરમાનંદરૂપ પરમાત્મા તે તારું નિજઘર છે, તેમાં ઠરવું તે કહેવાનું તાત્પર્ય છે. સઘળા શાસ્ત્રનો સાર આ છે કે જે ઘરમાં વીતરાગતા ભરી છે એવા તારા નિજઘરનો આશ્રય લે, કેમ કે તેમ કરવાથી તારી પર્યાયમાં વીતરાગતા પ્રગટ થશે. માટે કેવળ એક નિજ સ્વરૂપનો આશ્રય કરવો, ભાવના કરવી, તે એક

જ કર્તવ્ય છે, તે સિવાય અન્ય કાંઈ પણ કરવા યોગ્ય નથી.

* હે જીવ ! સ્ત્રી–પુત્ર આદિના કારણે તું જે હિંસા આદિ પાપ કરે છે તેનું ફળ તારે એકલાએ જ ભોગવવું પડશે, દુઃખફળ ભોગવવા સ્ત્રી–પુત્ર કે સગા–સંબંધી સાથે નહીં આવે. સ્ત્રી–પુત્ર, સગા–સંબંધી આદિના મમત્વથી તું હિંસા, જૂઠુ આદિ અનેક પ્રકારના પાપ કરે છે તથા અંતરમાં રાગાદિ વિકલ્પ વડે રાગાદિ વિકલ્પ રહિત શુદ્ધ ચૈતન્ય ભગવાન આત્માની હિંસા કરે છે, પરંતુ તેના ફળમાં દુઃખ ભોગવવા ટાણે સ્ત્રી–પુત્ર આદિ તારા દુઃખમાં ભાગ પડાવવા નહીં આવે, તારે એકલાએ નરક–નિગોદ આદિના અનેક દુઃખો ભોગવવા પડશે. જેના કારણે તું પાપ કરી રહ્યો છે તેઓ તારા દુઃખ ભોગવવા તો સાથે નહીં આવે પણ તારા દુઃખ જોવા પણ સાથે નહીં આવે.

એક કથામાં આવે છે કે બે ભાઈ હતા, નાનો ભાઈ બિમાર પડયો, મોટાભાઈએ કહ્યાં વિના છાની રીતે નાનાભાઈને ઇંડા ખવરાવ્યા. કાળક્રમે જ્યારે બંને ભાઈઓ મરણ પામ્યા ત્યારે ઇંડા ખવરાવનાર મોટોભાઈ નરકમાં ગયો અને નાનોભાઈ પરમાધામી નામનો હલકો દેવ થયો અને તે જ પરમાધામી નરકમાં ગયેલા મોટાભાઈને મારે છે. જુઓ આ સંસારની સ્થિતિ ! નાનાભાઈની મમતાવશ પોતે પાપ કર્યું ને તેના ફળમાં નરકમાં ગયો અને ત્યાં તે જ નાનોભાઈ પરમાધામી થઈને તેને અસહ્ય ત્રાસ આપવા લાગ્યો ! માટે આચાર્યદેવ અહીં કહે છે કે તું સ્ત્રી–પુત્ર આદિની મમતાના કારણે જે પાપ કરે છે તેનું ફળ તારે એકલાએ જ ભોગવવું પડશે માટે તું મમત્વ છોડ ને નિજઘરમાં વસ.

બીજી એક કથામાં આવે છે કે પુત્ર આદિની મમતાથી અનેક પાપ કરીને બાપ મરીને ગલુડીયું થાય છે. વર્ષ પછી બાપની પાછળ પુત્ર શ્રાદ્ધ કરે છે, અનેક માણસોને દૂધપાક જમાડે છે. ગલુડીયું થયેલો બાપ તે દૂધપાક ખાવા વારંવાર આવે છે, મારવા છતાં આવે છે ત્યારે દિકરો કોઈ નિમિત્તજ્ઞાનીને પૂછે કે મારવા છતાં પણ આ ગલુડીયું વારંવાર આવે છે આનું કારણ શું ? ત્યારે નિમિત્તજ્ઞાની કહે છે કે જેના નિમિત્તે તે આ શ્રાદ્ધ કર્યું છે એ તારો બાપ જ આ ગલુડીયું થયો છે ! – જુઓ આ સંસારની સ્થિતિ !

માટે હે જીવ ! વેપાર–ધંધાદિના લોહવાટમાં કે સ્ત્રી–પુત્રાદિ પ્રત્યે ફરજના નામે શુદ્ધ ચૈતન્યભાવપ્રાણ ધરનાર ભગવાન આત્માનો ઘાત થાય છે એમ જાણીને મમત્વનો ત્યાગ કર.

* હે મૂઢ જીવ! મોક્ષમાર્ગની પ્રીતિ કર, કેમ કે શુદ્ધાત્મા સિવાય અન્ય સર્વ વિષયાદિક વિનાશીક છે. સ્ત્રી–પુત્ર આદિના મોહમાં કે પૈસાદિના મોહમાં કાળ ગુમાવવો તે ભ્રમથી ફોતરા ખાંડવા જેવું છે. તે અસાર સામગ્રીને વિનાશીક જાણીને પરમ પવિત્ર એવા મોક્ષમાર્ગમાં પ્રીતિ કર. સ્ત્રી–પુત્ર–કુટુંબ–પરિવાર આદિ વિનાશીક છે, ધૂતારાની ટોળી છે એમ જાણીને તું મોક્ષમાર્ગમાં ઉદ્યમી થા. ભગવાન આત્માનો આશ્રય કરે તે મોક્ષમાર્ગમાં છે અને સ્ત્રી–પુત્રાદિનો આશ્રય કરે–પ્રીતિ કરે ત્યાં રાગ થાય છે તે મોક્ષમાર્ગનો ઘાતક છે, તેથી મોક્ષમાર્ગના ઘાતક સ્ત્રી–પુત્ર–ઘર–પરિવારને તું છોડ. છોડ એટલે?–એ તો છૂટા જ પડયા છે પણ તે મારા છે એવી તારી મિથ્યા માન્યતાને તું છોડ. છોડીને શું કરવું?–કે જ્ઞાન–દર્શન આદિ સ્વભાવને ધારણ કરનાર નિજ શુદ્ધાત્મા છે તેની પ્રાપ્તિના ઉપાયરૂપ નિશ્ચય મોક્ષમાર્ગમાં તું પ્રીતિ કર, ઉદ્યમી થા.

* શુદ્ધાત્માને ધ્યાનનો વિષય બનાવી ધ્યાન કરવું કઠિન છે, કેમ કે મનરૂપી માંકડું બહારમાં શુભાશુભમાં રોકાવાને લીધે આનંદનો ધામ આત્મા તેમાં મનને સ્થાપવું કઠિન છે. મનરૂપી માંકડાને પાંચ ઇન્દ્રિયના વિષયમાં જ ઠીકપણું લાગે છે તેથી વારંવાર તે તરફ જ જાય છે. પાંચ ઇન્દ્રિયના વિષયો તરફ જતાં તેને ઠીકપણું લાગે છે તેથી અનંત ગુણોનો સાગર આત્મા તેના તરફ જવું જગતના જીવોને–સંસારી જીવોને દુર્લભ છે.

ભાઈ! પરમાત્મસ્વરૂપી ભગવાન તું છો ને! છતાં તારું મનરૂપી માકડું બહારમાં કેમ ભમે છે? મનરૂપી માંકડું બહાર પરમાં ભમે છે તેને પરમાત્માના ધ્યાનમાં વાળવું તે મહાદુર્લભ છે. પરદ્રવ્યનો સંગ તેને ઠીક લાગે છે તેથી તેને ત્યાંથી ખસવું કઠિન લાગે છે. જેમ બાળકની લાળથી ચીકણી થયેલી સાકરનો સ્વાદ માણતી માખીને તેની પાંખો ચોંટવા લાગે છતાં સ્વાદની ગૃદ્ધિને કારણે સાકર પરથી ઊડી જવાનું કઠિન લાગે છે. તેમ મનરૂપી માકડું બહારની મીઠાશમાં ચોંટી ગયું છે, કેમ કે તેને પાંચ ઇન્દ્રિયના વિષયોમાં સુખ લાગે છે તેથી વારંવાર ત્યાં ચોંટે છે. જેમ રૂની પૂણીમાંથી એક પછી એક તાર નીકળ્યા કરે છે તેમ એક પછી એક વિકલ્પ કર્યા જ કરે છે. જેમાં તેને ઠીકપણું લાગે છે એવા વિષયોમાં વારંવાર લાગ્યા કરે છે પણ આનંદના ધામ તરફ જવાનું તેને કઠિન લાગે છે.

સંસારી જીવો ભલે કરોડપતિ હોય કે દેવ હોય પણ અતીન્દ્રિય આનંદના સુખથી રહિત છે. વીતરાગી સમરસી સુખથી રહિત હોવાથી સ્વરૂપના અજ્ઞાનને લીધે એટલે કે વિદ્યમાન ભગવાન આત્માની અવિદ્યાને લીધે રાગાદિ તરફ તેનું વલણ છે.

[ વધુ માટે જુઓ પાનું ૧૬ ]

## ❁ જ્ઞા....ન....ગો....ષ્ઠી ❁

* **પ્રશ્નઃ**- પુણ્ય–પાપના ભાવને વ્યભિચાર કહેવામાં આવે છે, વ્યવહારરત્નત્રયને વ્યભિચાર કહેવામાં આવે છે તે સહ્યું જતું નથી, સાદી ભાષામાં કહો તો?

**ઉત્તરઃ**- સમયસારમાં પુણ્ય–પાપ ભાવને વ્યભિચાર કહેવામાં આવે છે. વિષકુંભ પણ કહ્યાં છે. કાગવીઠ પણ કહ્યો છે.

કુટુમ્બીજનો સ્વાર્થના સગા છે તેમ સાદી ભાષાથી જાગૃત ન થાય ત્યારે કુટુમ્બીજનો ધૂતારાની ટોળી છે તેમ પરમાર્થભાવ બતાવીને જાગૃત કરાય છે, સાવધાન કરાય છે, તેમ શુભરાગને હેય કહેવાથી જાગૃત ન થતો હોય ત્યારે તેને શુભરાગ બે દ્રવ્યોના સંગથી થતો હોવાથી વ્યભિચારી ભાવ કહી તેનું પરમાર્થસ્વરૂપ બતાવીને આચાર્યદેવે જાગૃત કરવા કહ્યું છે.

* જે જીવ આત્મજ્ઞાનથી શૂન્ય છે, વીતરાગીજ્ઞાન રહિત છે, તે જીવને બાહ્ય પદાર્થોથી કાંઈ જ સિદ્ધિ થતી નથી, શાસ્ત્રજ્ઞાન પણ કાંઈ કામનું નથી. સ્વસંવેદનજ્ઞાનથી રહિત વ્રત–તપ આદિ જીવને શીઘ્ર દુઃખનું કારણ થાય છે. આનંદસહિતનું જ્ઞાન એ જ નિજ આત્મજ્ઞાન છે ને તે જ જ્ઞાન વર્તમાન સુખનું કારણ છે ને મોક્ષની સિદ્ધિનું કારણ છે. શાસ્ત્રજ્ઞાન–વ્રત–તપ આદિના જે શુભ વિકલ્પો છે તે વિકલ્પો તે જ ક્ષણે દુઃખરૂપ છે ને ભાવી દુઃખનું કારણ છે. સ્વસંવેદનજ્ઞાન છે તે વર્તમાન સુખરૂપ છે ને ભાવી સુખનું કારણ છે, તેથી સ્વસંવેદનજ્ઞાનનો જ મહિમા છે.

* **પ્રશ્નઃ**- શાસ્ત્ર દ્વારા આત્માનું જ્ઞાન થાય છે ને?

**ઉત્તરઃ**- શાસ્ત્ર દ્વારા આત્માનું જ્ઞાન થતું નથી, વેદથી ને દિવ્યધ્વનિથી પણ આત્મા જણાતો નથી તેમ પરમાત્મપ્રકાશમાં કહ્યું છે ને! આત્મા પોતાથી જ પોતાદ્વારા જણાય છે ત્યારે શાસ્ત્રને નિમિત્ત કહેવાય છે. પ્રવચનસારમાં આવે છે કે આત્માના લક્ષે શાસ્ત્રાભ્યાસ કરજે, ત્યાં નિમિત્ત બતાવવું છે. અહીં તો કહે છે કે નિમિત્ત એવું શાસ્ત્રજ્ઞાન છે તે દુઃખનું કારણ છે ને નિજઆત્મજ્ઞાન છે તે એક જ સુખનું કારણ છે.

* ચોવીસે કલાકના દુકાનના વેપારના ધંધામાં અમૂલ્ય કાળને ગુમાવી એકલા પાપ

બાંધે છે પણ અરે ભાઈ! તારી મોટી દુકાન અંદરમાં છે ત્યાં જઈને વેપાર કરને! તારા હાટમાં (દુકાનમાં) મોટો કિંમતી માલ ભર્યો છે તેના વેપારમાં એકાગ્રતા કર તો અતીન્દ્રિય અમૃત સુખના નિધાનનો લાભ થશે ને તારી અનાદિની તૃષ્ણા મટી જશે. ભાઈ! તારી અંદરની દુકાનમાં જરી ડોકીયું એકવાર તો કરી જો, આહાહા! એમાં જતાં તમે પરમ–આહ્‌લાદ થશે ને તૃપ્તિ અનુભવાશે.

* શાસ્ત્ર ભણવાનો ગુણ તો એ છે કે વસ્તુભૂત આત્માનું જ્ઞાન કરવું. જ્ઞાનમય આત્માનો અનુભવ કરવો તે શાસ્ત્ર ભણવાનો ગુણ છે, તેને તો જાણતો નથી ને એકલા શાસ્ત્ર ભણે છે. પરંતુ નિજપરમાત્માને જાણતો નથી ત્યાં સુધી કર્મબંધનથી છુટતો નથી. દયા, દાન, પૂજા, વ્રત, તપ આદિ શુભરાગનો તો નિષેધ કર્યો પણ અહીં તો કહે છે કે એકલા શાસ્ત્ર ભણતરમાં જ રોકાઈ ગયો, બધું કંઠસ્થ કર્યું, પણ તેથી શું?

* **પ્રશ્નઃ-** શાસ્ત્ર ભણવાથી આત્માની સન્મુખતા તો કહેવાય ને?
**ઉત્તરઃ-** આત્મામાં જવાનો પ્રયત્ન કરતો હોય તો આત્માની સન્મુખતા કહેવાય. શાસ્ત્રના જાણપણામાં રોકાઈ રહે અને અંતર નિર્વિકલ્પમાં જવાનો પ્રયત્ન કરતો નથી તો તે આત્મસન્મુખ પણ કહેવાતો નથી.

* **પ્રશ્નઃ-** એકબાજુ કહો છો કે શાસ્ત્રો ભણવા જોઈએ ને બીજીબાજુ કહો છો કે શાસ્ત્ર ભણવામાં રોકાઈ જાય તોપણ આત્મા જણાતો નથી.
**ઉત્તરઃ-** જે વેપાર આદિના અશુભમાં જ રોકાઈ ગયો છે અને આત્મજ્ઞાન થવાનું નિમિત્ત એવા શાસ્ત્રાભ્યાસના પણ જેને ઠેકાણાં નથી તેને કહે છે કે ભાઈ! તું શાસ્ત્ર અભ્યાસ કર. પણ જે એકલા શાસ્ત્રાભ્યાસમાં જ રોકાઈ જાય ને આત્માની સન્મુખ થવાનો પ્રયત્ન કરતો નથી તેને કહે છે કે ભાઈ! શાસ્ત્ર ભણવાનો ગુણ તો અંતરમુખ થઈને અનુભવ કરવો તે છે, તે નિર્વિકલ્પ અનુભવનો પ્રયત્ન કરતો નથી તો શાસ્ત્ર ભણવાનો હેતુ જે આત્મજ્ઞાન છે તે પ્રગટ કર્યું નહિ તો તારા શાસ્ત્ર ભણતર પણ શા કામના? શાસ્ત્ર વાંચન શ્રવણમાં દ્રવ્યની સન્મુખ થવાની જોરદાર વાત વાંચતાં–સાંભળતા તેને ધૂન ચડી જવી જોઈએ, તે ન થાય તો શું કામનું?

(જગ્યાના અભાવે વધુ આવતાં અંકે)

---

પૂજ્ય ગુરુદેવશ્રી સોનગઢમાં સુખશાંતિપૂર્વક બિરાજી રહ્યા છે. સવારે પ્રવચનમાં શ્રી સમયસાર–બંધ અધિકારની ગાથા ૨૪૨–૨૪૬ ઉપર તથા બપોરે શ્રી પરમાત્મપ્રકાશ–દ્વિતીય અધિકારની ગાથા ૧૫૪ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો ચાલી રહ્યા છે. (તા. ૫-૨-૭૭)

[ પરમાત્મપ્રકાશના વૈરાગ્ય પ્રેરક........ પાનું ૧૩ થી ચાલુ ]

બાળકપણાનો કાળ રમતમાં ગુમાવે છે, યુવાની સ્ત્રી–પુત્ર ને ધંધાદિના મોહમાં ગુમાવે છે ને વૃદ્ધ થતાં શરીર કામ કરતું અટકી જતું દેખીને દુઃખી થાય છે–એમ ભવ ગુમાવી દે છે.

ઉપવાસ કરે કે દયા–દાન આદિ કરે પણ તે રાગમાં રંગાયેલો હોવાથી અવિદ્યાની વાસનામાં જ વસી રહ્યો છે. ત્રણ લોકનો નાથ તું પોતે છો તેની સામે જોતો નથી ને રાગની રમતમાં તું રોકાઈ ગયો છે. તેથી પાંચ ઇન્દ્રિયના વિષયસુખમાં આસક્ત થઈને તારું મન વારંવાર બહારમાં જાય છે, પરંતુ બહારથી સંકોચાઈને અંદરમાં આવવું તને કઠિન લાગે છે. હૈયાતી ધરાવતું તત્ત્વ મૌજુદ છે પણ તેનું તેને મહાત્મ્ય આવ્યું નથી ને બહારના પૈસાદિનું મહાતમ્ય આવ્યું છે, અરેરે! તને આ શું થયું છે? મિથ્યાત્વનો દારૂ પીને બહારમાં નાચી રહ્યો છે.

( સત્ધર્મ વિરુધ્ધ પુણ્ય પાનું ૨૯ થી ચાલુ )

૪૬ વીતરાગ સામાયિક
૪૭ પરમ શરણ ઉત્તમ મંગલ
૪૮ કેવળજ્ઞાન ઉત્પત્તિનું કારણ
૪૯ સમસ્ત કર્મોના નાશનું કારણ
૫૦ નિશ્ચયનયની અપેક્ષાથી જે દર્શન–જ્ઞાન–ચારિત્ર અને તપના ભેદથી ચાર પ્રકારની આરાધના છે તે સ્વરૂપ
૫૧ પરમાત્માની ભાવનારૂપ
૫૨ શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન જે સુખ તેની અનુભૂતિરૂપ પરમકળા
૫૩ દિવ્યકળા
૫૪ પરમ અદ્વૈત
૫૫ અમૃત સ્વરૂપ પરમ ધર્મધ્યાન
૫૬ શુક્લધ્યાન
૫૭ રાગાદિ વિકલ્પો રહિત ધ્યાન
૫૮ નિષ્કલ ધ્યાન
૫૯ પરમ સ્વાસ્થ્ય
૬૦ પરમ વીતરાગતારૂપ
૬૧ પરમ સમતારૂપ
૬૨ પરમ એકત્વ
૬૩ પરમ ભેદજ્ઞાન
૬૪ પરમ સમરસીભાવ

સંપૂર્ણ રાગાદિ વિકલ્પોની ઉપાધિથી રહિત અને પરમ આહ્લાદ સુખરૂપ લક્ષણનું ધારક જે ધ્યાન છે તે સ્વરૂપ નિશ્ચયમોક્ષમાર્ગના કહેનારા આ સિવાય બીજા પણ ઘણા જીવપર્યાયી નામો છે, ધર્માત્મા જીવને પ્રગટેલા ધર્મને આ બધાં નામો લાગુ પડે છે એમ જાણવું.

# જ્ઞાનવેદક જ્ઞાની કદાપિ ન વેદ્ય-વેદકની કાંક્ષા કરે

**જ્યારે ભોગવવાની ઇચ્છા થાય ત્યારે ભોગવવાપણું હોતું નથી, અને જ્યારે ભોગવટો (વેદકભાવ) હોય ત્યારે ભોગવવાની ઇચ્છા (વેદ્યભાવ) વિણસી ગઈ હોય છે. આમ વેદ્ય–વેદકભાવની અવ્યવસ્થા દેખીને જ્ઞાની કદાપિ વાંછા કરતો નથી, કેમ કે જ્ઞાની ત્રિકાળી એક જ્ઞાયકભાવસ્વરૂપ નિત્ય હોવાથી અનિત્ય વિભાવભાવસ્વરૂપ વેદ્ય–વેદકભાવને જ્ઞાની ઇચ્છતો નથી, માત્ર જ્ઞાતા રહે છે. તેથી છ–ખંડની રાજયસંપદા વચ્ચે રહેલો જ્ઞાની તેનો કર્તા–ભોકતા નથી, માત્ર જ્ઞાતા જ છે. તે વાત અહીં આચાર્યદેવ સમજાવે છે.**

**(તા. ૧૧-૧-૭૭ ના રોજ શ્રી સમયસાર ઉપર પૂ. ગુરુદેવના પ્રવચનમાંથી.)**

હવે, 'જ્ઞાની ભવિષ્યના ભોગને કેમ ઇચ્છતો નથી?' તે અહીં સમજવતાં આચાર્યદેવ કહે છે કે :–

**રે! વેદ્ય વેદક ભાવ બંને સમય સમયે વિણસે,**
**–એ જાણતો જ્ઞાની કદાપિ ન ઉભયની કાંક્ષા કરે. ૨૧૬.**

ધર્મીને એટલે કે જ્ઞાનીને દ્રષ્ટિમાં સ્વભાવભાવનું ધ્રુવપણું હોવાથી જ્ઞાની તો એક ટંકોત્કીર્ણ જ્ઞાયકભાવસ્વરૂપ નિત્ય છે અને જે વેદ્ય–વેદકભાવો એટલે કે વર્તમાન ઇચ્છા થાય કે હું આને ભોગવું તે વેદ્યભાવ અને જે ભોગવટો તે વેદકભાવ તેની જ્ઞાનીને ઇચ્છા નથી, કેમ કે જે વખતે ઇચ્છા થાય કે હું આને ભોગવું તે વખતે ભોગવવાનો કાળ નથી અને ભોગવટા વખતે ઇચ્છાનો કાળ નથી.

જ્ઞાનીને સ્વભાવભાવનું ધ્રુવપણું હોવાથી જ્ઞાની નિત્યની ભાવનામાં એકાગ્ર થાય, પણ હું આને ભોગવું–એવી ઇચ્છા અને ભોગવટો બંને ક્ષણિક હોવાથી ધર્મી ક્ષણિકભાવને ઇચ્છતો નથી. જે કાળે ભોગવવાની ઇચ્છા છે તે કાળે ભોગવવાપણું નથી અને ભોગવવાના કાળે ઇચ્છા નથી, આથી ક્ષણિક વેદ્ય–વેદક વિભાવભાવને જ્ઞાની ઇચ્છતો નથી.

મકાન હોય તો ઠીક, પૈસા હોય તો ઠીક, સ્ત્રી–પુત્ર હોય તો ઠીક–એવા વેદ્યભાવ વખતે તે પદાર્થ નથી અને તે પદાર્થના ભોગવટા વખતે–વેદકભાવ વખતે તે ઇચ્છાનું હોવાપણું નથી. આમ વેદ્ય–વેદકભાવની અવ્યવસ્થા છે. જ્ઞાનીની દ્રષ્ટિમાં ધ્રુવસ્વભાવ ભાવ હોવાથી જ્ઞાનીને નિત્યની ભાવના હોય છે તેથી અવ્યવસ્થિત અને અનિત્ય એવા વેદ્ય–વેદકની વાંછા જ્ઞાનીને હોતી નથી.

અજ્ઞાની પણ ઇચ્છા કરે છે તે વખતે સામગ્રી નથી, છતાં ઇચ્છે છે તેથી તે નિરર્થક છે. તેમ છતાં અજ્ઞાની કેમ ઇચ્છે છે?–કે તેની દ્રષ્ટિ વિભાવભાવ પર છે, ક્ષણિકભાવ પર છે, તેથી તે ક્ષણિક એવા વેદ્ય–વેદકભાવને ઇચ્છે છે. જ્ઞાની તો એક ટંકોત્કીર્ણ જ્ઞાયકસ્વરૂપ નિત્ય હોવાથી ક્ષણિક એવા વેદ્ય–વેદક ભાવનો આદર કરતો નથી. છ–ખંડના રાજયમાં હોય છતાં તેના ભોગવટાની વાંછા જ્ઞાનીને નથી. કેમ કે ઇચ્છાના કાળે ભોગવટો હોતો નથી ને ભોગવટાના કાળે ઇચ્છાનો ભાવ હોતો નથી, વેદ્ય–વેદકભાવ ક્ષણિક છે, નાશવાન છે ને જ્ઞાની તો જ્ઞાયકસ્વરૂપ નિત્ય હોવાથી અનિત્યભાવને જ્ઞાની ઇચ્છતો નથી. વળી જ્ઞાની જાણે છે કે ઇચ્છાને કાળે પદાર્થનો ભોગવટો નથી ને ભોગવટાના કાળે ઇચ્છા નથી; તેથી એવા નિરર્થકભાવને જ્ઞાની કેમ ઇચ્છે? જેને જ્ઞાયકસ્વભાવ ભાવ એવો નિત્યભાવ દ્રષ્ટિમાં આવ્યો છે, તે ક્ષણિક એવા વેદ્ય–વેદક ભાવને કેમ ઇચ્છે?

ધર્મી ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં એક ટંકોત્કીર્ણ જ્ઞાયકભાવનો જ તેને આશ્રય હોવાથી ક્ષણિક એવા વેદ્ય–વેદકભાવને ધર્મી ઇચ્છતો નથી. જ્યારે ઇચ્છા હોય ત્યારે પદાર્થ હોય નહીં ને પદાર્થના ભોગવટા કાળે ઇચ્છા હોતી નથી તો એવી નિરર્થક વાંછાને જ્ઞાની કેમ ઇચ્છે? અહીં અજ્ઞાની એમ તર્ક કરે કે ભલે ભોગવટા વખતે ઇચ્છા નાશ પામી ગઈ હોય, પણ અમને તો શાંતિ ઉપજે છે ને! ખાવાની ઇચ્છા થાય ને મિષ્ટ ભોજન ખાવા મળે ત્યારે ઇચ્છા નાશ પામવા છતાં અમને તો શાંતિ અનુભવાય છે માટે વેદ્ય–વેદકભાવની અવ્યવસ્થા હોવા છતાં શાંતિ થતી હોવાથી અમને ઇચ્છા નિરર્થક લાગતી નથી. તેનું સમાધાન : ભાઈ! તને જે શાંતિ અનુભવાય છે તે ઇચ્છા મુજબ સામગ્રી મળવાના કારણે નથી પણ ઇચ્છાની નિવૃત્તિ–નાશ થવાના કારણે શાંતિ થાય છે, પરંતુ સામગ્રીના ઉપભોગથી શાંતિ થતી નથી. જેમ કે ખાવાની ઇચ્છા થાય ને ખોરાક ખાય ત્યાં જઠરાગ્નિ શાંત થતાં અજ્ઞાની એમ માને છે કે ખોરાકના ભોગવટાથી જઠરાગ્નિ શાંત થઈ, પરંતુ ખોરાકના લીધે જઠરાગ્નિ શાંત થઈ નથી, શાતાના ઉદયને લીધે જઠરાગ્નિ શાંત થઈ, ત્યારે ખોરાકને નિમિત્ત કહેવાય છે. એ રીતે સામગ્રીના ભોગવટાથી શાંતિ થતી જ નથી. તેથી વેદ્ય–વેદકભાવની અવ્યવસ્થા, નિરર્થકતા તથા ક્ષણિકતા જાણીને જ્ઞાની તેને વાંછતો નથી. ધર્મીને પોતાની નબળાઈના કારણે રાગ આવે ત્યારે તેનું સમાધાન કરવા

રાગને રોગ સમાન જાણીને સામગ્રીનો ઉપભોગ કરે છે પણ જ્ઞાની તે ક્ષણિક વિભાવનો સ્વામી નથી, સુખબુદ્ધિ નથી, તેથી જ્ઞાની ક્ષણિક એવા વિભાવ ભાવને વાંછતો નથી.

જ્યારે વેદ્યભાવ છે ત્યારે વેદકભાવ હોતો નથી, કેમ કે જ્યારે પદાર્થના ભોગવટાની ઇચ્છા હોય ત્યારે પદાર્થનો ભોગવટો હોતો નથી, જો પદાર્થનો ભોગવટો ઇચ્છાના કાળે જ હોય તો તેને ભોગવવાની ઇચ્છા કેમ હોય? માટે ઇચ્છાના કાળે ભોગવવાપણું હોતું નથી ને ભોગવવાના કાળે વેદ્યભાવ વિણસી જાય છે તેથી જ્ઞાની તેને વાંછતો નથી.

જે ભાવ વેદ્ય છે તેના વેદન વખતે વેદકભાવનું વેદન નથી અને જે સમયે વેદકભાવનું વેદન છે તે કાળે વેદ્યભાવ વિણસી ગયો હોય છે–એ રીતે વિનાશ પામતાં ક્ષણિક અને અવ્યવસ્થિત ભાવને જ્ઞાની કેમ ઇચ્છે? અડદીયા ખાવાની ઇચ્છા થઈ ત્યારે અડદીયાનું ખાવાપણું નથી અને જ્યારે અડદીયા ખાય ત્યારે અડદીયા ખાઉં–એવી ઇચ્છા નાશ પામી ગઈ છે–એ રીતે ઇચ્છા નિરર્થક ને નાશવાન હોવાથી જ્ઞાની તેને કેમ ઇચ્છે?

કોઈ પણ પદાર્થને ભોગવવાની ઇચ્છા થવી તે વેદ્યભાવ છે, વેદ્યભાવના કાળે તે પદાર્થનું ભોગવવાપણું તો છે નહીં ને ભોગવવાના કાળે એટલે કે વેદકભાવના વેદન કાળે વેદ્યભાવ તો વિનાશ પામી જાય છે. તો એવા વિનાશી ભાવને જ્ઞાની કેમ ઇચ્છે?

એ રીતે વેદકભાવ વખતે વેદ્યભાવ વિણસી ગયો હોવાથી વેદકભાવ શું વેદે? એટલે કે ભોગવટાના કાળે ઇચ્છા નાશ પામી ગઈ હોવાથી ભોગવટો શું ભોગવે? જો એમ કહેવામાં આવે કે વેદકભાવ વખતે બીજી ઇચ્છા થાય છે તેને વેદકભાવ વેદે; પરંતુ જ્યારે બીજી ઇચ્છા થાય તે પહેલા તો વેદકભાવનો નાશ થઈ ગયો હોય છે માટે બીજી ઇચ્છાને કોણ વેદે? જો એમ કહેવામાં આવે કે પહેલા વેદકભાવ પછી ઉત્પન્ન થતો બીજો વેદકભાવ બીજી ઈચ્છાને વેદે; પરંતુ જ્યારે બીજો વેદકભાવ ઉત્પન્ન થાય તે પહેલાં તો બીજી ઇચ્છા નાશ પામી ગઈ હોવાથી બીજો વેદકભાવ શું વેદે? આમ જ્યારે ભોગવવાની ઈચ્છા હોય ત્યારે ભોગવટો હોતો નથી અને જ્યારે ભોગવટો હોય છે ત્યારે ભોગવવાની ઇચ્છા વિણસી ગઈ હોય છે–આવી અવ્યવસ્થા જાણીને જ્ઞાની કેવળ જ્ઞાતા જ રહે છે, વાંછા કરતો નથી. શ્રી નેમિનાથ ભગવાનને લગ્ન કરવાની હા પાડી, છતાં તે વૃત્તિની વાંછા તેમને ન હતી. ભગવાન તો વૃત્તિના પણ જ્ઞાતા હતા.

**પ્રશ્ન**:- આત્મા નિત્ય હોવાથી જે કાળે વેદ્યભાવ છે તેને પણ અનુભવી શકે છે અને જે કાળે વેદકભાવ છે તેને પણ અનુભવી શકે છે. એ રીતે વેદ્ય–વેદભાવને કાળભેદ હોવા છતાં આત્મા તો બંને ભાવોને વેદી શકે છે; તો પછી જ્ઞાની વાંછા કેમ ન કરે?

**સમાધાનઃ-** જ્યાં મનોવાંછિત વેદાતું ન હોય તેની વાંછા કરવી તે અજ્ઞાન છે. જ્યારે ભોગવવાની ઇચ્છા થાય ત્યારે ભોગવવાપણું હોતું નથી તેથી ઈચ્છા નિરર્થક છે. આમ વાંછા થવા છતાં તે કાળે વાંછિત ભોગ તો થતો નથી તેથી જ્ઞાની નિષ્ફળ–નિરર્થક વાંછા કરતો નથી.

વળી ધર્મી તો સ્વભાવભાવને લઈને નિત્ય છે પણ વિભાવભાવને લઈને કાંઈ નિત્ય નથી. તેથી ધર્મી અનિત્ય એવા વિભાવભાવને કરતો કે ભોગવતો નથી. સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તી છ–ખંડના રાજયમાં રહ્યો હોવા છતાં તે સંબંધી વિકલ્પને જ્ઞાની જાણે જ છે, તે વિકલ્પને કરતો કે ભોગવતો નથી. જ્ઞાનીને જ્ઞાનનું–આત્માનું વેદન હોવાથી વિભાવભાવનું થવું કે વેદવું તે બંને જ્ઞાનીને હોતું નથી, જ્ઞાની તો તેનો જ્ઞાતા છે.

– એ રીતે જ્ઞાની ભવિષ્યના ભોગને વાંછતો નથી.

## ❀ છુટકારો પામતા જીવની પરિણતી ❀

અહો ! જે આત્મા છુટકારાના માર્ગે ચડયો તેના પરિણામ ઉલ્લાસમય હોય છે ને તેને છુટકારાના જ વિકલ્પો આવે છે, સ્વપ્ના પણ એના આવે. છુટકારાના પ્રસંગ પ્રત્યે જ તેનું વલણ જાય. તેને નિમિત્તપણે પણ છુટકારાના જ નિમિત્તો હોય, છુટેલા દેવ, છુટકારો પામતાં ગુરુ અને છુટવાનું બતાવનારા શાસ્ત્રો–એવા છુટકારાના નિમિત્તો પ્રત્યે જ તેના વિકલ્પો ઉઠે. તેમાંય છુટકારાનું મૂળ સાધન તો નિજસ્વરૂપનું અવલંબન છે. ને દેવ–ગુરુ –શાસ્ત્ર પણ એ જ કરવાનું બતાવે છે, એટલે તેને સ્વરૂપ–સાધનની પ્રધાનતા છુટતી નથી. આવી છુટકારો પામતાં જીવની પરિણતી હોય છે. તેને છુટકારાના માર્ગથી વિરુધ્ધ વિકલ્પો ઉઠતાં નથી.

અહો ! ખેતરના કામના બંધનથી છુટીને પોતાના ઘેર પાછા ફરતાં બળદ પણ ઉમંગભેર દોડતાં દોડતાં ઘેર આવે છે. દોરડાના બંધનથી છુટવાનો પ્રસંગ આવતાં નાનું વાછરડું પણ હર્ષથી કુદાકુદ કરી મૂકે છે, તો પછી અનાદિના ભવબંધનથી છુટકારાનો અપૂર્વ પ્રસંગ આવતાં કયા મોક્ષાર્થી જીવની પરિણતિ આનંદથી ઉલ્લસિત ન બને !! છુટકારાનો માર્ગ સાધતાં જીવના પરિણામ જરૂર ઉલ્લાસરૂપ હોય છે અને ઉલ્લસિત વીર્યવાળો જીવ જ છુટકારાનો માર્ગ પામે છે. **( -પૂજય ગુરુદેવ )**

# સત્ ધર્મ વિરુધ્ધ પુણ્ય

* ઘણા જીવો ધર્મ કરવા માગે છે, પણ તેમનો મોટો ભાગ ધર્મનો અર્થ સમજતા નથી, અને કુળધર્મમાં ચાલતા ક્રિયાકાંડ તથા ધર્મની માન્યતાઓને વિચારે કે પરીક્ષા કર્યા વગર, સાચી માની લઈને તે મુજબ ક્રિયાકાંડ કર્યા કરે છે; શરીરની ક્રિયા પોતે કરી શકે છે એમ માને છે તેથી શરીરની ક્રિયા અમુક પ્રકારની હોય તો ધર્મ થાય અને શરીરની ક્રિયા અમુક પ્રકારની હોય તો પાપ થાય એમ તે માને છે; પણ શરીરની ક્રિયા જીવ કદી કરી શકતો જ નથી. શરીરના એકેએક રજકણોની લાયકાત અનુસાર જીવથી ભિન્નપણે સ્વતંત્ર તેની ક્રિયા થાય છે, અને તે શરીરની કોઈ ક્રિયાથી જીવને કોઈ પ્રકારનું લાભ–નુકશાન થતું નથી, પણ તે વખતે જીવના પોતાના ભાવ અનુસાર જીવને લાભ–નુકશાન થાય છે. આ વાત તે અજ્ઞાનીઓ સમજતા નથી.

* વળી કેટલાક જીવો દાન, પૂજા, દયા, યાત્રા વગેરેથી ધર્મ થાય એમ માને છે અને તેમાં પણ દાન વખતે પૈસા વગેરે પોતા પાસેથી પર પાસે જવાની ક્રિયા થઈ તે જડની ક્રિયાથી દાન થયું અને તેનાથી ધર્મ થયો એમ માને છે.

* ભગવાનની પૂજામાં–તે વખતે પૂજાની સામગ્રી તરીકે ગણાતી અક્ષત વગેરે વસ્તુઓ સારી હોય, સારા અવાજે રાગ નીકળ્યો હોય તથા શરીરની ઊઠ–બેસની, અભિષેકની વગેરે ક્રિયાઓથી પૂજા થઈ અને તેનાથી ધર્મ થયો એમ માને છે.

* દયામાં–તે વખતે સામા જીવનું મરણ ન થયું તેમાં પોતાના શરીરાદિની જે ક્રિયા થઈ અને સામો જીવ ન મર્યો તેથી દયા થઈ અને તેનાથી ધર્મ થયો એમ માને છે.

* યાત્રામાં–જે ડુંગર વગેરે સ્થળને પોતે પવિત્ર માનતો હોય તેવા ઉપર ચડવા–ઉતરવાની કે જવા–આવવાની શરીરની ક્રિયા થાય તેને જાત્રા માને છે અને તેનાથી ધર્મ થયો એમ માને છે.

* પ્રથમ તો, શરીર વગેરેની કોઈ પણ ક્રિયાથી જીવને કદી પણ ધર્મ કે અધર્મ થાય જ નહીં. જો તે વખતે જીવને મંદ કષાય હોય તો પુણ્ય થાય, અને જો મંદ કષાય ન હોય પણ અભિમાન કે કુતૂહલભાવ વગેરે અશુભભાવ હોય તો પાપ થાય.

* વળી તે અજ્ઞાની જીવોના ઉપાદાનની વર્તમાન લાયકાત એવી હોય છે કે,

'શરીરની જે જે ક્રિયાઓ થાય છે તે જીવ કરી શકે છે અને તે ક્રિયાથી તથા પુણ્યથી ધર્મ થાય છે' એમ મનાવનારા ઉપદેશકોના ઉપદેશનું નિમિત્ત પણ તેમને સ્વયં મળી રહે છે.

* પણ શરીરની ક્રિયા જીવ કરી શકે અને પુણ્યથી ધર્મ થાય–એ માન્યતા ધર્મ વિરુધ્ધ છે. શરીરાદિની ક્રિયા જીવ કરી શકતો નથી અને મંદ કષાયરૂપ પુણ્યની પ્રવૃત્તિથી ધર્મ થતો જ નથી તેમ જ પુણ્ય પ્રવૃત્તિ વર્તમાનમાં કે ભવિષ્યમાં ક્યારેય પણ ધર્મમાં સહાયક થતી જ નથી. વળી, રસપૂર્વક તે પુણ્ય ક્રિયા કરતાં કરતાં શુદ્ધ પરિણામરૂપ ધર્મ થશે એવી માન્યતા પણ સર્વાંશે ખોટી છે.

* 'પુણ્યથી ધર્મ થાય' એ મિથ્યા માન્યતા ટાળવા માટે 'પુણ્યથી ધર્મ કદી પણ ન થાય, તેમ જ પુણ્ય ધર્મને સહાયક ન થાય' એવી સાચી માન્યતા કરવાનું જ્યારે કહેવામાં આવે છે ત્યારે કેટલાક ઊંધા જીવો એમ કહે છે કે 'ત્યારે શું અમારે પુણ્ય છોડીને પાપ કરવું? ' અરે! તેઓ એટલી વાત પણ સમજી શકતા નથી કે, જે પિતા તેના બાળકોને લીંબોળી કડવી છે માટે તે ખાવાની ના કહે છે તે પિતા હળાહળ ઝેર ખાવાનું તો કેમ કહે? 'પિતા લીંબોળી છોડીને હળાહળ ઝેર ખાવાનું કહે છે' એમ તો કોઈ બાળક પણ માની લે નહિ; તો પછી શ્રી સર્વજ્ઞ વીતરાગ પ્રભુ ધર્મપિતા છે તેઓ 'પુણ્યથી ધર્મ થાય છે' એવી માન્યતા છોડવાનું કહે તે પુણ્યને છોડીને પાપ કરવાનું કદી પણ કહે એમ બને જ નહિ, કેમ કે પાપ તે તો પુણ્યથી પણ વિશેષ ખરાબ છે. પરંતુ જીવ જ્યાં સુધી પોતાની ઊંધાઈ છોડે નહિ ત્યાં સુધી તેની ઊંધી માન્યતા છૂટે નહિ, કેમ કે ઊંધાઈમાં પણ તે સ્વતંત્ર છે; તેથી 'પુણ્યથી ધર્મ નથી' એમ સાંભળીને તેને તેવા ભાવ (પુણ્ય છોડીને પાપ કરવાના ઊંધા ભાવ) આવે તો તે જીવનો પોતાનો જ દોષ છે, પરંતુ ધર્મપિતા સર્વજ્ઞ વીતરાગ પ્રભુનો કે અન્ય જ્ઞાની ઉપદેશકનો તેમાં દોષ નથી.

* સર્વજ્ઞ ભગવાન તેમજ જ્ઞાનીઓ તો જાણે છે કે, જ્યાં સુધી જીવ વીતરાગતા પ્રગટ ન કરે ત્યાં સુધી તેને શુભ તેમજ અશુભભાવ થયા વગર રહેશે જ નહિ. તેમાં અશુભભાવ તો કરવા જેવા છે જ નહિ અને જે શુભભાવ થાય તેને ધર્મ માનતો હોય તો તે માન્યતા ખોટી છે, તે ખોટી માન્યતા ટાળીને, 'શુભભાવથી ધર્મ થાય નહિ' એવી સાચી માન્યતા કરતાં તે જીવ અશુભ તેમજ શુભભાવને પણ ટાળીને શુદ્ધભાવ પ્રગટ કરવા પ્રયત્ન કરશે; અને ક્રમેક્રમે શુદ્ધતા પ્રગટ કરી સંપૂર્ણ શુદ્ધ થઈ જશે. સંપૂર્ણ શુદ્ધતા પ્રગટ થયા પહેલાં અંશે શુદ્ધ અને અંશે શુભભાવ રહેશે; પરંતુ શુભમાં પણ તે ધર્મ નહિ માનતો હોવાથી તેને શુદ્ધમાં વધારો થતો જશે.

* સમ્યગ્દર્શન શુદ્ધભાવથી જ ધર્મની શરૂઆત થાય છે, સમ્યગ્દર્શન તે ધર્મનો એકડો છે; સમ્યગ્દર્શનની સાથે સમ્યગ્જ્ઞાન હોય જ છે અને ક્રમેક્રમે સમ્યક્ચારિત્ર વધતાં પૂર્ણ પવિત્રતા પ્રગટે છે. આ રીતે સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ચારિત્ર તે જ મોક્ષનું કારણ છે અને પુણ્ય બંધનું કારણ છે.

* આ વસ્તુસ્થિતિ સ્પષ્ટ સમજવા માટે, શાસ્ત્રોમાં ધર્મને કેવા વિશેષણોથી ઓળખાવે છે અને પુણ્યને કેવા વિશેષણોથી ઓળખાવે છે તે અહીં આપવામાં આવે છેઃ–

| ક્રમ | સમ્યગ્દર્શનાદિરૂપ ધર્મના વિશેષણો | પુણ્યનાં વિશેષણો | શાસ્ત્ર–આધાર |
|---|---|---|---|
| ૧ | સુશીલ | કુશીલ | સમયસાર, ગાથા ૧૪૫, ૧૪૭. |
| ૨ | મંગલ | અશુભ | સ. ગા. ૧૪૫ ટીકા |
| ૩ | સુકૃત્ય | દુષ્કૃત્ય | સ. કલશ–૨૨૫ પછીની ટીકા. |
| ૪ | અમૃતકુંભ | વિષકુંભ | સ. ગા. ૩૦૬ |
| ૫ | અનાકૂળતા ઉપજાવનાર | આકૂળતાને ઉપજાવનાર | સ. ગા. ૭૨ |
| ૬ | સુખ | દુઃખ | સ. ગા. ૭૪ |
| ૭ | વીતરાગ | રાગ | સ. ગા. ૧૫૦ |
| ૮ | નિર્વિકાર | વિકાર | સ. ગા. ૧૪૫ ટીકા |
| ૯ | શુદ્ધ | અશુદ્ધ | સ. ગા. ૧૮૬ |
| ૧૦ | સ્વભાવ | વિભાવ | સ. નાટક પુ. પા. એકત્વદ્વાર સારાંશ–૧૧ |
| ૧૧ | આત્મસ્વભાવની વૃદ્ધિ કરનાર | આત્મસ્વભાવનો તિરસ્કાર કરનાર | સ. ૧૯ ટીકા. પ્રવ. ૭૭ ટીકા |
| ૧૨ | પ્રશંસનીય | નિંદ્ય | બાર ભાવના પા. ૪૦ |
| ૧૩ | ગુણ | દોષ | સ. ગા. ૩૮૫ |
| ૧૪ | સ્વપદ | અપદ | સ. ગા. ૨૦૩ |
| ૧૫ | ધર્મ | પાપ | સ. કલશ ૧૩૭ ભાવાર્થ; ગા. ૧૬૧–૧૬૨–૧૬૩ જયસેન–ટીકા. |

| ક્રમ | સમ્યગ્દર્શનાદિરૂપ ધર્મના વિશેષણો | પુણ્યનાં વિશેષણો | શાસ્ત્ર–આધાર |
|---|---|---|---|
| ૧૬ | પવિત્ર | અશુચિ | સ. ગા. ૭૨ ટીકા |
| ૧૭ | શરણભૂત | અશરણ | સ. ગા. ૭૪ |
| ૧૮ | આરાધ્ય | હેય | સ. કલશ ૧૦૪; ગા. ૪૧૧ |
| ૧૯ | નિર્દોષ | અપરાધ | સ. ગા. ૩૦૪ |
| ૨૦ | ધર્મચક્ર | કર્મચક્ર | સ. ગા. ૧૫૪ ટીકા |
| ૨૧ | સ્વસમય | પરસમય | સ. ગા. ૩૯૦ થી ૪૦૪ ટીકા |
| ૨૨ | ભૂતાર્થ | અભૂતાર્થ | સ. ગા. ૨૭૫ ટીકા |
| ૨૩ | શુદ્ધ જીવ | અજીવ | સ. ગા. ૫૦ થી ૫૫ ટીકા; ગ. ૨૦૨ ટીકા |
| ૨૪ | ચેતન | અચેતન | સ. ગા. ૫૦ થી ૫૫ ટીકા |
| ૨૫ | ચૈતન્ય સ્વભાવપણું | જડસ્વભાવપણું | સ. ગા. ૨૩–૨૪–૨૫ ટીકા; ગા. ૭૨ ટીકા. |
| ૨૬ | ચૈતન્ય પરિણામ | પુદ્ગલ પરિણામ | સ. ગા. ૫૫ |
| ૨૭ | શુદ્ધાત્મા | અણાત્મા | સ. ગા. ૨૦૨ ટીકા; કલશ ૨૨ |
| ૨૮ | નિર્મોહ | મોહ | સ. ગા. ૮૭ ટીકા |
| ૨૯ | આત્મસ્વભાવની જાગૃતિ | આત્મસ્વભાવનું અસાવધાનીપણું | સ. ગા. ૮૭ ટીકા |
| ૩૦ | ભાવધર્મ | ભાવકર્મ | સ. ગા. ૯૨ ટીકા |
| ૩૧ | સ્વદ્રવ્ય | પરદ્રવ્ય | સ. કલશ ૧૮૫ |
| ૩૨ | નિર્જરા | આસ્રવ | સ. ગા. ૧૬૫ ટીકા |
| ૩૩ | સહજ | ઉપાધિ | સ. ગા. ૩૪ ટીકા |
| ૩૪ | સ્વભાવ ભાવ | ઉદયભાવ | સ. ગા. ૧૩૩, ૧૬૩ |
| ૩૫ | અરૂપી | રૂપી | સ. ગા. ૧૫૬ ટીકા |

| ક્રમ | સમ્યગ્દર્શનાદિરૂપ ધર્મના વિશેષણો | પુણ્યનાં વિશેષણો | શાસ્ત્ર–આધાર |
|---|---|---|---|
| ૩૬ | મોક્ષ હેતુ | સંસારગમનહેતુ | સ. ગા. ૧૫૪ |
| ૩૭ | અબંધ ભાવ | ભાવબંધ | સ. કલશ ૧૦૫ |
| ૩૮ | પરમ મિત્રરૂપ ભાવ | વિપરીતભાવ | સ. ગા. ૭૨ |
| ૩૯ | ધ્રુવ | અધ્રુવ | સ. ગા. ૭૪ |
| ૪૦ | નિત્ય | અનિત્ય | સ. ગા. ૭૪ |
| ૪૧ | સુખફળ | દુ:ખફળ | સ. ગા. ૭૪ |
| ૪૨ | સમતા | ક્લેશ | સ. કલશ ૧૪૨ |
| ૪૩ | અકષાય | કષાય | સ. ગા. ૧૩૩, ૧૬૩ |
| ૪૪ | ધર્મ ઉદ્યોત | કર્મવિપાક | સ. ગા. ૧૯૮, ૧૯૯, ૨૦૦ |
| ૪૫ | નિરંજન | સાંજન ( અંજન સહિત ) | સ. ગા. ૯૦ ટીકા |
| ૪૬ | પરમ હિત | અહિત | સ. નાટક સંવરદ્વાર–૨; સ. કલશ ૨૨૬ ભાવાર્થ |
| ૪૭ | સહજ સ્વાભાવિક | કૃત્રિમ | સ. ગા. ૯૭ ટીકા |
| ૪૮ | શુદ્ધ ચૈતન્ય આસ્વાદ | બેસ્વાદ | સ. ગા. ૯૭ ટીકા; ગા. ૧૦૨ ટીકા |
| ૪૯ | અભેદ ભાવ | ભેદભાવ | સ. કલશ ૧૪૦ ભાવાર્થ |
| ૫૦ | જ્ઞપ્તિ ક્રિયા | કરોતિક્રિયા | સ. કલશ ૯૭ |
| ૫૧ | મોક્ષહેતુ | બંધહેતુ | સ. કલશ ૧૦૫ |
| ૫૨ | સ્વાધીનતા | પરાધીનતા | સ. ગા. ૧૪૭ |
| ૫૩ | પ્રશંસવા યોગ્ય | કુત્સિત | સ. ગા. ૧૫૦ |
| ૫૪ | સૂક્ષ્મ અંતરંગ શુદ્ધ પરિણામ | અત્યંત સ્થુલ વિશુદ્ધ પરિણામ | સ. ગા. ૧૫૪ ટીકા |
| ૫૫ | પરમ નિષ્કર્મ ભાવ | કર્મકાંડ | સ. ગા. ૧૫૪ ટીકા |

| ક્રમ | સમ્યગ્દર્શનાદિરૂપ ધર્મના વિશેષણો | પુણ્યનાં વિશેષણો | શાસ્ત્ર–આધાર |
|---|---|---|---|
| ૫૬ | સ્વદ્રવ્ય સ્વભાવ | અન્ય દ્રવ્ય સ્વભાવ | સ. ગા. ૧૫૬ ટીકા |
| ૫૭ | સકળ મેલકલંકને ધોઈનાંખનાર | કષાય મેલ | સ. ગા. ૧૫૯ |
| ૫૮ | તત્ સ્વભાવ | અતત્ સ્વભાવ | સ. ગા. ૨૦૩ |
| ૫૯ | સુનિશ્ચલ અવસ્થા | અનિયત અવસ્થા | સ. ગા. ૨૦૩ |
| ૬૦ | એક | અનેક | સ. ગા. ૨૦૩ |
| ૬૧ | નિત્ય | ક્ષણિક | સ. ગા. ૨૦૩ |
| ૬૨ | પરમ બ્રહ્મરૂપ | વ્યભિચારી | સ. ગા. ૨૦૩ ટીકા |
| ૬૩ | સ્થિર | અસ્થાયી | સ. ગા. ૨૦૩ ટીકા |
| ૬૪ | સ્વરૂપ સંપદા; સમસ્ત વિપતિઓનું અપદ | વિપદા | સ. કલશ ૧૩૯ |
| ૬૫ | એક જ પ્રકારનો રસ | દ્વંદમયસ્વાદ | સ. કલશ ૧૪૦ |
| ૬૬ | પરમ સત્ય | અસત્ય | સ. ગા. ૨૦૬ ટીકા |
| ૬૭ | કલ્યાણ | અકલ્યાણ | સ. ગા. ૨૦૬ ટીકા |
| ૬૮ | સ્વયમેવ પરના ત્યાગરૂપ; નિષ્પરિગ્રહ | પરિગ્રહ | સ. ગા. ૨૧૦ |
| ૬૯ | નિશ્ચયભાવ | વ્યવહારભાવ | સ. નાટક બંધદ્વાર–૩૨ |
| ૭૦ | જ્ઞાનચેતના | કર્મચેતના | સ. ગા. ૩૮૭–૮૯ ટીકા |
| ૭૧ | સ્વરૂપમાં પરમ ઉત્સાહભાવ | પ્રમાદભાવ | સ. કલશ ૨૨૮ ભાવાર્થ |
| ૭૨ | જ્ઞાનરૂપી અમૃતવેલડીના કંદ | કર્મરૂપી વિષવૃક્ષનાં ફળ | સ. કલશ ૨૩૦ |
| ૭૩ | નિર્વિકલ્પ ઉપયોગ | અણઉપયોગ | સ. ગા. ૨૩–૨૫ ટીકા; સ. ગા. ૫૮–૬૦ ટીકા |
| ૭૪ | મોક્ષલક્ષ્મીના સ્વયંવર સમાન ઉત્સવઃ શિવસુંદરી | ધૂર્ત્ત અભિસારિકા સમાન | પ્રવ. ગા. ૭૯ |


| ક્રમ | સમ્યગ્દર્શનાદિરૂપ ધર્મના વિશેષણો | પુણ્યનાં વિશેષણો | શાસ્ત્ર–આધાર |
|---|---|---|---|
| ૭૫ | નિવૃત્તિ | પ્રવૃત્તિ | સ. કલશ ૧૮૮ |
| ૭૬ | પરમ શાંત રસધામ | તૃષ્ણાયતન | પ્રવ. ગા. ૭૪ ટીકા |
| ૭૭ | સ્વરસ, ચૈતન્યરસ | પરરસ | સ. ગા. ૯૭ ટીકા |
| ૭૮ | નિજભાવ; સ્વભાવ | પરભાવ | સ. ગા. ૬૯–૭૦ ટીકા |
| ૭૯ | એકરૂપ રહેનાર | ઉત્પન્નધ્વંસી | સ. ગા. ૨૨૬ ટીકા |
| ૮૦ | સાધક | બાધક | સ. ગા. ૧૬૧–૧૬૩ ભાવાર્થ; સ. નાટક પુણ્યદ્વાર–૧૩ |
| ૮૧ | જૈનધર્મ | જૈનધર્મ નથી | અષ્ટપાહુડ–ભાવપાહુડ–૮૩ |
| ૮૨ | આરાધના | વિરાધના | સ. પા. ૩૦૪–૩૦૫ ફૂટનોટ |
| ૮૩ | પ્રસન્નતા; પરમ આનંદ | અપ્રસન્નતા | સ. પા. ૩૦૪–૩૦૫ ફૂટનોટ |
| ૮૪ | સકલ જ્ઞાયકદેવની કૃપા | અકૃપા | સ. પા. ૩૦૪–૩૦૫ ફૂટનોટ |
| ૮૫ | સિદ્ધિની પ્રાપ્તિ | અસિદ્ધિ | સ. પા. ૩૦૪–૩૦૫ ફૂટનોટ |
| ૮૬ | પૂર્ણતાની પ્રાપ્તિ કરાવનાર | પૂર્ણતાની ડખલ | સ. પા. ૩૦૪–૩૦૫ ફૂટનોટ |
| ૮૭ | અંતરમુખ | બહિરમુખ | સ. નાટક મંગલ–ઉત્થાનિકા–૪૦ |
| ૮૮ | અસંયોગીભાવ | સંયોગીભાવ | નિયમસાર ગા. ૧૦૨; ભાવપાહુડ ગા. ૫૯ |
| ૮૯ | જાગૃત ચૈતન્યસમુદ્ર | અંધકૂપ | સ. નાટક પુણ્યદ્વાર–૬ |
| ૯૦ | જન્મ–મરણ રહિત | કર્મરોગ | સ. નાટક પુણ્યદ્વાર–૭ |
| ૯૧ | ધર્મ | અધર્મ | સ. ગા. ૨૬૦–૨૬૧ ટીકા ( નોટ–બંધક હોવાથી અધર્મ છે ) |
| ૯૨ | સમાધિ | અસમાધિ | દ્રવ્યસંગ્રહ ગા. ૩૫ ટીકા; સમાધિતંત્ર ગા. ૧૦૫ સંસ્કૃત ટીકા |

| ક્રમ | સમ્યગ્દર્શનાદિરૂપ ધર્મના વિશેષણો | પુણ્યનાં વિશેષણો | શાસ્ત્ર–આધાર |
|---|---|---|---|
| ૯૩ | સ્થિર ઉપયોગ; નિર્વિકલ્પ ઉપયોગ | ચપલ ઉપયોગ | સ. નાટક પુણ્યપાપ એકત્વદ્વાર–૧૨ |
| ૯૪ | સ્થિર | અસ્થિર | સ. ગા. ૨૦૩ |
| ૯૫ | જ્ઞાનધારા | કર્મધારા | સ. નાટક પુણ્યદ્વાર–૧૪ |
| ૯૬ | પરમ નૈષ્કર્મ્યભાવ | આરંભ | સ. કલશ ૨૨૫ |
| ૯૭ | આત્મસ્વરૂપની વૃદ્ધિ | આત્મસ્વરૂપની હિંસા | સ. કલશ ૧૬૯ |
| ૯૮ | મુક્તિભાવ | સંસરણભાવ | પ્રવ. ગા. ૧૨૦ |
| ૯૯ | સ્વાશ્રયભાવ | પરાશ્રયભાવ | સ. ગા. ૨૭૨ ટીકા |
| ૧૦૦ | શુદ્ધ ચિત્સ્વરૂપ | ચિદાભાસ | સ. ગા. ૧૬૪–૧૬૫ ટીકા |
| ૧૦૧ | સુગતિ–મોક્ષગતિ–પંચમગતિ | દુર્ગતિ | મોક્ષપાહુડ ગા. ૧૬ |
| ૧૦૨ | સુખકારણ | દુઃખકારણ | સ. ગા. ૭૨ |
| ૧૦૩ | પ્રશંસવા યોગ્ય | ઉપહાસ કરવા યોગ્ય | નિયમસાર ગા. ૧૦૯ ટીકા |
| ૧૦૪ | આદર કરવા યોગ્ય | નિષેધવાયોગ્ય | સ. ગા. ૧૫૬ |
| ૧૦૫ | જન્મ–મરણથી ઉગારનાર | ઘાતક | સ. ગા. ૭૪ ટીકા |
| ૧૦૬ | સ્વાધીનતાની પ્રાપ્તિ | સ્વાધીનતાનો નાશ | સ. ગા. ૧૪૭ |
| ૧૦૭ | નિરંતર અનુભવનીય | અસત્ય અનુભવનીય | સ. ગા. ૨૦૬ ટીકા |
| ૧૦૮ | મોક્ષની નિસરણી | મોક્ષપંથની કતરણી | સ. નાટક પુણ્યદ્વાર–૧૨ |
| ૧૦૯ | શુદ્ધાત્મ ધર્મપણું | અણાત્મધર્મપણું | પ્રવ. ગા. ૭૭ ટીકા |
| ૧૧૦ | પ્રજ્ઞાછીણી; પ્રજ્ઞાકરવત | બેડી | સ. નાટક |
| ૧૧૧ | સ્વભાવ પરિણતી | પરવૃત્તિ | સ. કલશ ૧૧૬ |
| ૧૧૨ | મોક્ષફળ | સંસારફળ | સ. નાટક ઉત્થાનિકા–૪૦ |
| ૧૧૩ | અધ્યાત્મ પદ્ધતિ | બંધપદ્ધત્તિ | સ. નાટક પુણ્ય–પાપ એકત્વદ્વાર–૭ |

* 'ધર્મ' તે જીવની શુદ્ધ પર્યાય છે. તે સમ્યગ્દર્શન જ્ઞાન અને ચારિત્રરૂપ છે, તેને શાસ્ત્રમાં (બૃહદ્ દ્રવ્યસંગ્રહ પાનું ૨૦૫) નીચેના ૬૪ નામોથી પણ જણાવેલ છે.

૧ પરમબ્રહ્મસ્વરૂપ
૨ પરમ વિષ્ણુસ્વરૂપ
૩ પરમ શિવસ્વરૂપ
૪ પરમ બુદ્ધિસ્વરૂપ
૫ પરમ નિજસ્વરૂપ
૬ પરમ નિજ આત્માની પ્રાપ્તિરૂપ લક્ષણના ધારક સિદ્ધસ્વરૂપ
૭ નિરંજન સ્વરૂપ
૮ નિર્મળ સ્વરૂપના ધારક
૯ સ્વસંવેદનજ્ઞાન
૧૦ પરમ તત્ત્વજ્ઞાન
૧૧ શુદ્ધાત્માનું દર્શન
૧૨ પરમ ઉત્કૃષ્ટ અવસ્થા સ્વરૂપ
૧૩ પરમાત્માનું દર્શન
૧૪ શુદ્ધાત્મજ્ઞાન
૧૫ ધ્યાન કરવા યોગ્ય શુદ્ધ પારિણામિક-ભાવ સ્વરૂપ
૧૬ ધ્યાનભાવસ્વરૂપ
૧૭ શુદ્ધ ચારિત્ર
૧૮ અંતરંગનું તત્ત્વ
૧૯ પરમ ઉત્કૃષ્ટ તત્ત્વ
૨૦ શુદ્ધ આત્મદ્રવ્ય
૨૧ પરમ જ્યોતિ (-જ્ઞાન)
૨૨ શુદ્ધ આત્માની અનુભૂતિ
૨૩ આત્માની પ્રતીતિ
૨૪ આત્માની સંવિત્તિ (સાક્ષાત્કાર)
૨૫ નિજ આત્મસ્વરૂપની પ્રાપ્તિ
૨૬ નિત્યપદાર્થની પ્રાપ્તિ
૨૭ પરમસમાધિ
૨૮ પરમ આનંદ
૨૯ નિત્ય આનંદ
૩૦ સ્વભાવથી ઉત્પન્ન આનંદ
૩૧ સદાનંદ
૩૨ શુદ્ધ આત્મપદાર્થના પઠનરૂપ સ્વરૂપનો ધારક
૩૩ પરમ સ્વાધ્યાય
૩૪ નિશ્ચય મોક્ષનો ઉપાય
૩૫ એકાગ્ર ચિંતા નિરોધ (-ધ્યાન)
૩૬ પરમ જ્ઞાન
૩૭ શુદ્ધ ઉપયોગ
૩૮ પરમ યોગ
૩૯ ભૂતાર્થ
૪૦ પરમાર્થ
૪૧ નિશ્ચયનયના અનુસાર જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્ય એ પાંચ પ્રકારના આચાર સ્વરૂપ.
૪૨ સમયસાર
૪૩ અધ્યાત્મરસ
૪૪ સમતાદિરૂપ નિશ્ચયનયથી છ આવશ્યક છે તે સ્વરૂપ
૪૫ અભેદ રત્નત્રયરૂપ

**[ અનુસંધાન પાનું ૧૬ ]**




* શ્રી પ્રવીણચંદ્ર વ્રજલાલ શાહ (ઉંમર વર્ષ ૪૫) નું ગાંધીધામ (કચ્છ) માં મહા સુદ ૨, તા. ૨૧–૧–૭૭ ની રાત્રે હાર્ટ–એટેકથી અચાનક દેહાવસાન થયું છે. શ્રી પ્રવીણભાઈ (પૂજ્ય બહેનશ્રી ચંપાબેન તથા સમયસાર વગેરેના અનુવાદક વિદ્વાન શ્રી હિંમતભાઈના વડીલ બંધુ) શ્રી વ્રજલાલ જેઠાલાલ શાહના મોટા પુત્ર હતા. તેમને વીતરાગ દેવ–ગુરુ–ધર્મનો સારો પ્રેમ અને પૂજ્ય ગુરુદેવ પ્રત્યે અનન્ય ભક્તિ હતી. તેઓ દેના બેંકમાં સારા હોદ્દા પર સર્વિસ કરતા હતા. મિલનસાર અને પ્રેમાળ પ્રકૃતિને કારણે સાથી કર્મચારીઓ તથા સ્નેહી મિત્રમંડળમાં તેમની સારી સુવાસ હતી.

શ્રી પ્રવિણભાઈના અવસાનના ઓચિંતા સમાચારથી સોનગઢના મુમુક્ષુમંડળમાં વૈરાગ્યભર્યો વિષાદ છવાઈ ગયો હતો. પૂજ્ય ગુરુદેવશ્રી પણ પ્રવચનોમાં અને રાત્રિચર્ચામાં આ કરુણ ઘટનાનો ઉલ્લેખ વારંવાર કરતા હતા. દેહની ક્ષણભંગુરતા તથા સંસારની અસારતા બતાવતાં પૂજ્ય ગુરુદેવ તેમની વૈરાગ્યપ્રેરક નિર્વેદભીની હૃદયદ્રાવક વચનામૃતધારામાં શ્રી પ્રવીણભાઈના આકસ્મિક નિધનને ફરી ફરી યાદ કરતા હતા. ખરેખર, પૂજ્ય ગુરુદેવે બતાવેલો એક વીતરાગ માર્ગ જ આત્માર્થી જીવોને પરમ શરણભૂત છે.

સ્વર્ગસ્થ આત્મા વીતરાગ દેવ–ગુરુ–ધર્મની આસ્થાના પ્રતાપે તથા પૂજ્ય ગુરુદેવના સત્સમાગમમાં મેળવેલા સુસંસ્કારો વડે આત્મકલ્યાણ સાધી શીઘ્ર પરમાનંદપદનું ભાજન બનો–એ જ દિવંગત આત્મા પ્રત્યે શુભ ભાવના.

* જામનગરના રહીશ, રાજકોટ નિવાસી શ્રી છબીલદાસ સુંદરજી વારિઆનું (વર્ષ ૬૨) પોષ વદ ૧, તા. ૬–૧–૭૭, ગુરુવારે દેહાવસાન થયું છે. વારિઆ–પરિવારને તેમના

પિતામહ સ્વ. વકીલ શ્રી વીરજીભાઈ પાસેથી પૂજ્ય ગુરુદેવ પ્રત્યેની ભક્તિ તથા પૂજ્ય ગુરુદેવે બતાવેલ વીતરાગ દિગંબર ધર્મની આસ્થા વારસામાં મળી હતી. શ્રી છબીલભાઈ પૂજ્ય ગુરુદેવના સત્સમાગમનો સારો લાભ લેતા હતા. રાજકોટ, જામનગર વગેરે સ્થળે પ્રવાસમાં પૂજ્ય ગુરુદેવની સેવાભક્તિનો લાભ પણ ખૂબ લેતા હતા. ઘણા વર્ષો સુધી રાજકોટ દિગંબર જૈન સંઘમાં મંત્રીસહાયક તરીકે તેમણે સારી સેવા આપી હતી.

સ્વર્ગસ્થ આત્મા દેવ–ગુરુ–ધર્મ તથા તત્ત્વપ્રેમના પ્રતાપે શીઘ્ર આત્મકલ્યાણ સાધે એ જ અભ્યર્થના.

* ગુનાના રહીશ, મુંબઈ નિવાસી શ્રી વિજયભાઈ ( પી. એચ. ડી ) લગભગ ૩૨ વર્ષની યુવાન વયે કીડનીની બિમારીથી સ્વર્ગવાસ પામેલ છે. તેઓ છેલ્લા કેટલાયે વર્ષથી સોનગઢ આવતાં અને અહીં રોકાઈને પૂજ્ય ગુરુદેવના પ્રવચનોનો લાભ લેતાં. તેઓ ખૂબ રુચિવાળા તથા શાંત સ્વભાવના હતાં.

* રાજકોટનિવાસી શ્રી પારસરામ ડોસાભાઈ શાહ ( ૭૫ વર્ષ ) પોષ વદી ૭ ના સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ રાજકોટમાં પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનોનો લાભ લેતા હતા. દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે તેમને ભક્તિ ભાવ હતો.

* રાજકોટના રહીશ, કલકત્તા નિવાસી પ્રભાવતીબેન જે. પારેખ ( ૮૫ વર્ષ ) તા. ૨૨–૧–૭૭ના રોજ સ્વર્ગવાસી થયા છે. દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યે તેમને શ્રદ્ધા ભક્તિ હતા.

* રાજકોટનિવાસી પટેલ દામજીભાઈના પિતાશ્રી ભાણાભાઈ તા. ૨૩–૧–૭૭ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમને દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રતિ ભક્તિભાવ હતો.

* જલગાંવનિવાસી શ્રી વ્રજલાલભાઈના ભાણેજ ૨૬ વર્ષની યુવાન વયે હાર્ટફેઈલથી કેનેડામાં સ્વર્ગવાસ પામ્યા છે. કોલેજ તરફથી અતિ હોંશિયાર વિદ્યાર્થી તરીકે સન્માન મેળવીને રાત્રે સૂતા બાદ સવારે ઊઠવા જ પામ્યા ન હતા. એ રીતે નિરોગી ને યુવાન હોવા છતાં ક્ષણમાં ભવ પૂરો થઈ ગયો હતો. તેથી જ સંતો વારંવાર આત્માર્થી જીવોને જાગૃત કરે છે કે આયુષ્ય પૂરું થઈ જાય તે પહેલાં જ આત્મકલ્યાણ સાધી લે.

* વઢવાણનિવાસી માસ્તર શ્રી નાગરદાસ દામોદર શેઠ (વર્ષ ૮૨) તા. ૨૯–૧–૭૭ ના રોજ હાર્ટફેઈલથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીના જૂના પરિચયી હતા. છેલ્લા ૨૦ વર્ષના નિવૃત્ત જીવનમાં સ્વાધ્યાય આદિમાં ઘણો રસ લેતા હતા. દેવ–શાસ્ત્ર–ગુરુ

પ્રત્યે ઘણી ભક્તિ હતી.

**સદ્ગત આત્માઓ દેવ-શાસ્ત્ર-ગુરુના પ્રતાપે આત્મોન્નતિ પામો.**

* આહાહા! નાની નાની ઉંમરમાં હાર્ટફેલથી દેહ છુટી જાય છે તોપણ માળો જ્યાં આવે ત્યાં મારા માનીને પડાવ નાંખે છે, પણ એ ક્યાં તારા છે ભાઈ! દેહ તો નાશવાન છે, ક્ષણભંગુર છે. પરમાત્મપ્રકાશકમાં અધ્રુવ અનુપ્રેક્ષાનું વર્ણન કરતા કહ્યું કે દેવ–જિનમંદિર ને શાસ્ત્ર આદિ બધુ કાળરૂપી અગ્નિના ઇંધન છે, જગત આખું ક્ષણભંગુર છે, તેને સ્થિર માનીને દુઃખી થાય છે, પણ સ્થિર નિત્ય તો તારો જ્ઞાનસ્વરૂપી આત્મા છે, ત્યાં દૃષ્ટિ કર તો કાળથી બચીશ.

* આહાહા! પરની ભૂતાવળમાં વળગીને પોતાના ભગવાનને ભૂલી જિંદગી હારી જાય છે, મરનારાની પાછળ રુદન કરે છે, પણ રોનારા નથી રહેવાના ભાઈ! તું તારું સુધારી લે. એક ક્ષણમાં દેહ નાશ થતાં દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભવ–ભાવ બધું પલટી જશે, પોતાના ભગવાનસ્વભાવથી ભૂલો પડયો તે ભટકતો ભટકતો ક્યાં જશે?

**રજકણ તારા રખડશે જેમ રખડતી રેત રે,**
**પછી નર તન પામીશ ક્યાં? ચેત ચેત નર ચેત.**

* અરે! દેહના ભરોસા ક્ષણ પણ કરાય એવું નથી, નખમાં પણ રોગ ન હોય ને ઘડીકમાં દેહ છૂટી જશે. શરીરમાં તો રોગ ન હોય પણ નખમાંએ રોગ ન હોય ને ક્ષણમાં દેહ છૂટી જાય. દેહ તો દરેકને છૂટશે જ અને નહિ જાણવાની અપેક્ષાએ તો અકસ્માત જ છુટશે. માટે પહેલેથી સાવધાન થઈને આત્મહિત કરી લે તો મરતાં પસ્તાવો નહિ થાય ને જાગૃતિથી દેહ છૂટશે.

* ખરે ટાણે સમાધાન રાખવા જેવું છે, કયે ક્ષણે દેહ છુટશે! –એનો ભરોસો કરવા જેવો નથી. દેહ ક્ષણભંગુર છે, નાશવાન છે. ચામડાંથી વીંટેલો હાડકાનો માળો ક્ષણમાં રાખ થઈને ઊડી જશે. અરે! આખું ઘર એકસાથે નાશ થઈ જાય છે તેવા દાખલા સાંભળ્યા છે. એ ક્યાં અવિનાશી ચીજ છે! સહજાત્મસ્વરૂપ આત્મા એજ અવિનાશી છે, જગત આખું અનાદિથી અશરણરૂપ છે, ભગવાન આત્મા એ જ શરણરૂપ છે.

(મુરબ્બી શ્રી વજુભાઈના સુપુત્ર શ્રી પ્રવિણભાઈના મૃત્યુ બાદ પૂ. ગુરુદેવના ઉદ્ગારો)

**ગતાંકની શુદ્ધિઃ-** પાના નંબર ૩૦ ની ૯ મી લાઈનમાં 'રુચિભાવ'ને બદલે 'અરુચિભાવ' સુધારીને વાંચવું.

# ❁ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પ્રવાસનો નવો ક્રમ ❁

સૂચનાઃ– મુંબઇ અને મદ્રાસનો પ્રવાસ નક્કી થવાથી ક્રમમાં થોડો ફેરફાર કરવામાં આવ્યો છે. આ સૂચનાથી પોષ માસના અંકમાં છપાયેલો ક્રમ રદ સમજવો.

-( વિ. સં. ૨૦૩૩ )-

| ગામ | તિથિ | વાર | તારીખ | દિવસ |
|---|---|---|---|---|
| ભાવનગર | ફા. સુ. ૬ થી ૯ | ગુરુ થી રવિ | ૨૪ થી ૨૭ ફેબ્રુ. | ૪ |
| ઉમરાળા | ફા. સુ. ૧૦–૧૧ | સોમ–મંગળ | ૨૮ ફેબ્રુ. –૧ માર્ચ | ૨ |
| ગઢડા | ફા. સુ. ૧૨ થી ૧૫ | બુધ થી શનિ | ૨ થી ૫ માર્ચ | ૪ |
| લાઠી | ફા. વ. ૧ થી ૪ | રવિ થી બુધ | ૬ થી ૯ માર્ચ | ૪ |
| અમરેલી | ફા. વ. ૫ થી ૯ ( ૭ ક્ષય ) | ગુરુ થી રવિ | ૧૦ થી ૧૩ માર્ચ | ૪ |
| મોટા આંકડિયા | ફા. વ. ૧૦–૧૧ | સોમ–મંગળ | ૧૪–૧૫ માર્ચ | ૨ |
| વડિયા | ફા. વ. ૧૨ થી ૧૪ | બુધથી શુક્ર | ૧૬ થી ૧૮ માર્ચ | ૩ |
| જેતપુર | ફા. વ. ૩૦, ચૈ. સુ. ૧ થી ૩ | શનિ થી મંગળ | ૧૯ થી ૨૨ માર્ચ | ૪ |
| પોરબંદર | ચૈ. સુ. ૪ થી ૮ ( ૬ બે ) | બુધ થી સોમ | ૨૩ થી ૨૮ માર્ચ | ૬ |
| ગોંડલ | ચૈ. સુ. ૯ થી ૧૨ | મંગળ થી શુક્ર | ૨૯ માર્ચ થી ૧ એપ્રિલ | ૪ |
| રાજકોટ | ચૈ. સુ. ૧૩ થી વદ ૯ ( ૧ ક્ષય ) | શનિ થી મંગળ | ૨ થી ૧૨ એપ્રિલ | ૧૧ |
| જામનગર | ચૈ. વ. ૧૦ થી વૈ. સુ. ૨* | બુધ થી બુધ | ૧૩ થી ૨૦ એપ્રિલ | ૮ |
| વઢવાણ | વૈ. સુ. ૩ થી ૬ | ગુરુ થી રવિ | ૨૧ થી ૨૪ એપ્રિલ | ૪ |
| અમદાવાદ | વૈ. સુ. ૭ | સોમ ( સાંજે મુંબઈ થઈને સવારે મદ્રાસ જવું ) | ૨૫ એપ્રિલ | ૧ |
| મદ્રાસ× | વૈ. સુ. ૮ થી ૧૫ | મંગળ થી મંગળ | ૨૬ એપ્રિલ થી ૩ મે | ૮ |
| મુંબઈ | વૈ.વ. ૧ થી જે.સુ. ૧ ( વૈ.વ. ૫ ક્ષય ) | બુધ થી બુધ | ૪ મે થી ૧૮ મે | ૧૫ |
| વડોદરા | જે. સુ. ૧ થી ૪ | ગુરુ થી રવિ | ૧૯ થી ૨૨ મે | ૪ |
| સૂરત | જે. સુ. ૫ થી ૮ | સોમ થી ગુરુ | ૨૩ થી ૨૬ મે | ૪ |
| પાલેજ | જે. સુ. ૯ થી ૧૨ | શુક્ર થી સોમ | ૨૭ થી ૩૦ મે | ૪ |
| અમદાવાદ | જે. સુ. ૧૪ થી જે. વ. ૨ | મંગળ થી શુક્ર | ૩૧ મે થી ૩ જૂન | ૪ |
| સોનગઢ | જે. વ. ૩ | શનિવાર | ૪ જૂન | |

* વૈશાખ સુદ ૨, પૂજ્ય ગુરુદેવશ્રીની ૮૮ મી જન્મજયંતી જામનગરમાં ઉજવાશે.

× વૈશાખ સુદ ૮ થી ૧૫ મદ્રાસમાં પંચકલ્યાણક–જિનબિંબપ્રતિષ્ઠા–મહોત્સવ.

## ❀ આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો ❀

* મોક્ષાભિલાષીઓ માટે ચૈતન્યસ્વરૂપ આત્મા જ મોક્ષનો માર્ગ છે, આત્માથી અન્ય કોઈ પણ મોક્ષમાર્ગ નથી તથા આનંદ પણ આત્મામાં જ છે પરંતુ તેના સિવાય અન્ય ક્યાંય પણ આનંદની પ્રતીતિ થતી નથી, માટે ભવ્ય જીવોએ તેનું ધ્યાન કરવું જોઈએ.
* મોહના સદ્ભાવથી જ ઇચ્છા હોય છે તેથી આચાર્યદેવ ઉપદેશ આપે છે કે જો મોક્ષને માટે પણ મોહથી ઉત્પન્ન થયેલી ઇચ્છા થઈ જાય તો તે પણ મોક્ષને રોકનારી છે; તો શાંત તથા મોક્ષાભિલાષી મનુષ્ય અન્ય પદાર્થને માટે કેવી રીતે ઇચ્છા કરી શકે ?
* જે નિરાકાર, નિરંજન, શુદ્ધ, ચિન્દ્રૂપ છે તે હું જ છું તેમાં કોઈ પ્રકારનો સંશય નથી–એ પ્રકારની કલ્પનાથી પણ તે આનંદસ્વરૂપ શુદ્ધાત્મા રહિત છે. **( શ્રી પદ્મનંદિ આચાર્યદેવ )**
* હે ભાઈ ! તારી નજર સામે તું શું નથી જોતો કે આ જગત કાળરૂપ પ્રચંડ પવનથી નિર્મૂળ થઈ રહ્યું છે ! ભ્રાંતિને છોડ ! જગતમાં કોઈની નામ માત્રની પણ સ્થિરતા નથી. જે દિવસની મંગળમય પ્રભાત જણાય છે, તે જ દિવસ અસ્તપણાને પ્રાપ્ત થાય છે. ભાઈ ! આ જગતનો સ્વભાવ જ ક્ષણભંગુર છે. પહાડ જેવા વિસ્તીર્ણ જણાતાં રૂપોનો ઘડી પછી અવશેષ પણ જણાતો નથી. કોણ જાણે શા કારણથી તું એ ઇન્દ્રજાળવત્ જગતના ઇષ્ટ પદાર્થોમાં આશા બાંધી બાંધી ભમ્યા કરે છે !

**( શ્રી ગુણભદ્ર આચાર્યદેવ )**

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર )
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રત ૩૩૫૦